વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
૧૦ ઓગસ્ટ, ૨૦૨૫
વર્ષ : ૫૦ ● અંક : ૦૮

Celebrating ઘનશ્યામ 50 Years of Spirituality



દિવ્ય ગુરુ પામ્યા રે જે મૂર્તિમાં અખંડ રહ્યા રે, કર્યા કર્યા અનંતને અનાદિ ખાસ રે;
હતી ખોટ ભાંગી રે ભાંગી ભવોભવની રે, સહેજે સહેજે આપ્યો છે મૂર્તિમાં વાસ રે.



૧



૨



૩



૪

## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



૫




૬



૭



૮

(૧-૨) અનાદિમુક્ત વિશ્રામ્ તથા સ્વામિનારાયણ ધામ ખાતે મુક્તોને દર્શનદાન (૩-૬) માલપુર તથા સ્વામિનારાયણ ધામ ખાતે જ્ઞાન-ધ્યાન ચિંતન, SSP તથા છાત્રાલયના મુક્તોને દિવ્ય લાભ (૭-૮) સ્વામિનારાયણ ધામ ખાતે નિકટ દર્શનનો લાભ

# પરખ

## ગુરુપૂર્ણિમા - 2025

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


SMVS ઘનશ્યામ

૧૦ ઓગસ્ટ, ૨૦૨૫ ● વર્ષ : ૫૦ ● અંક : ૦૮

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ

**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે,
ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org

કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮


## અનુક્રમણિકા...


૦૪ સંપાદકીય

૦૫ દિવ્યવાણી

૦૮ Thank You Very Much

૧૦ ગુરુપૂર્ણિમા ઉત્સવ - ૨૦૨૫

૧૯ કૃતજ્ઞ હૃદયો



# GHANSHYAM

10 August, 2025 • Year : 50 • Edition : 08

**આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક**
**અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)**
**પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી**
**(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)**


**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

# સંપાદકીય

એક દિવસ બે સત્સંગી મિત્રોમાં સંવાદ થયો. એક મિત્ર જૂનો અને એક મિત્ર નવો સત્સંગમાં જોડાયેલો. નવા મિત્રે પૂછ્યું, “સંતો કહે છે કે ગુરુજીના આપણી પર અનંત ઉપકાર છે. એમણે આપણને ઘણુંબધું આપ્યું છે. અરે, આપણી પાસે જે કાંઈ છે તે એમની કૃપાનું જ પરિણામ છે. મિત્ર, પ્રશ્ન એ છે કે કદાચ તારા માટે આ વાત સાચી હોય કેમ કે તારા અથવા તારા જેવા જૂના પ્રથમથી સંસ્થા સાથે જોડાયેલા સભ્યો માટે ગુરુજીએ ઘણા દાખડા કર્યા હોય. તમને નિકટથી જોગ-સમાગમ મળ્યો હોય, વ્યક્તિગત સમય આપ્યો હોય, ઘર-પરિવારના પ્રશ્નોમાં માર્ગદર્શન આપ્યું હોય. પરંતુ મારા જેવા નવા માટે આ વાત કેવી રીતે સાચી ગણાય ? આજે સત્સંગ કેટલો ફૂલ્યોફાલ્યો છે ! મારા જેવા હરિભક્તોના તો ગુરુજીને નામ પણ નહિ ખબર હોય. વળી, વર્ષમાં બે-ચાર પ્રસંગોમાં માંડ પ્રત્યક્ષ દર્શનનો મેળ પડતો હોય. તો મને ગુરુજીની કૃપા-ઋણનો વિચાર કેવી રીતે રહે ? કેમ કે ગુરુજીએ મારા માટે તો કાંઈ કર્યું જ નથી. તું જ કહે, ગુરુજીએ મને શું આપ્યું છે ? ઊલટાનું આપણે સંસ્થામાં તન-ધનથી કેટલી સેવા કરીએ છીએ. માટે આમાં શું કરવું ?” જૂના મિત્રે આ સાંભળીને મીઠું હાસ્ય આપ્યું. તેણે કહ્યું, “મિત્ર, આનો જવાબ હું તને એક પ્રસંગ દ્વારા આપું. એમાં તને બધું સમજાઈ જશે.

એક સજ્જન વ્યક્તિથી એક વાર આવેશમાં આવી ખૂન થઈ ગયું. કોર્ટમાં કેસ ચાલ્યો. ૨૦ વર્ષની સજા મળી. તેની પત્ની તેને અવારનવાર મળવા આવે. પતિને જ્યૂસ બહુ ભાવતા એટલે પત્ની જ્યારે આવે ત્યારે બે-ત્રણ પ્રકારના જ્યૂસ લેતી આવે. પતિને પિવડાવે. પતિ રાજી થાય. વળી, માતાપિતા મળવા આવે ત્યારે મીઠાઈ લાવે. કેમ કે તેને મીઠાઈ પણ બહુ ભાવતી. મીઠાઈ જમીને પણ તે રાજી થાય. તેના નજીકના મિત્રો આવે ત્યારે નવાં કપડાં લાવે. આમ તો જેલમાં તેની છૂટ ના હોય પણ મળવાના સમય પૂરતા એ કપડાં પહેરે અને રાજી થાય. એક વાર એક વ્યક્તિ તેને મળવા આવી. તે જોડે કાંઈ જ લાવી નહોતી. ન જ્યૂસ, ન મીઠાઈ કે ન અન્ય કોઈ વસ્તુ. માત્ર એક કાગળ જ લાવી હતી. તેણે કાગળ આ કેદીના હાથમાં મૂકયો. તે કાગળ વાંચતાં કેદી ખુશખુશાલ થઈ ગયો. તે કાગળ તેની સજાની માફીનો ઑર્ડર હતો. આજથી તે સ્વતંત્ર હતો. મિત્ર, હવે કહે તેને સૌથી વધુ આનંદ કે અહોભાવ કોના માટે થશે ?”


નવો મિત્ર કહે, “સ્વાભાવિક છે કાગળવાળી વ્યક્તિ માટે જ.” “મિત્ર, આપણા કેસમાં પણ એવું જ છે. આ લોકનાં વસ્તુ-પદાર્થ તો આપણને આપનારા ઘણા છે અને મળી રહે. પરંતુ આ ગુરુજીએ આપણા જન્મમરણના ફેરા ટાળીને, ચૈતન્યની અનાદિકાળની કેદ છોડાવીને, અનાદિમુકતના આત્યંતિક કલ્યાણના કોલ આપ્યા એ એમનો આપણી પરનો સૌથી મોટો ઉપકાર છે. જે એમના સિવાય બીજું કોઈ ન આપી શકે. હવે તું જ કહે સંતોની વાત સાચી કે ખોટી ?” “સાવ સાચી મિત્ર, હું તો કેવળ અવરભાવની બાબતો જ જોતો હતો. પરંતુ પરભાવમાં એમણે આપ્યું તેની તો વાત જ થાય તેમ નથી.”

“મિત્ર, આપણો કારણ સત્સંગ દેહભૂમિકાનો નથી; આત્મભૂમિકાનો છે. આત્મભૂમિકાએ જ આ સત્સંગનો આનંદ આવે. બાકી દેહભૂમિકાએ તો આવી એક નહિ, અનંત મૂંઝવણો રહેવાની જ.”

વ્હાલા મુકતો ! આપણે પણ ગુરુપૂર્ણિમાના અવસરે વ્હાલા ગુરુજીએ આપણી પર અવરભાવ અને પરભાવ બંનેમાં કરેલી કૃપાના વિચારે અહોભાવમાં ડૂબીએ.

# દિવ્યવાણી

**તા. ૧૦-૭-૨૦૨૫ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત**



કારણ સત્સંગ એટલે જ્યાં એકમાત્ર શ્રીહરિનું જ મુખ્યપણું અને કર્તાપણું પ્રતિપાદિત થતું હોય. કારણ સત્સંગના વર્તમાન પ્રવર્તક સત્પુરુષ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુપૂર્ણિમાના દિવ્ય અવસરે ‘પૂર્ણ ગુરુ’ તરીકે કેવળ શ્રીહરિનું જ પ્રતિપાદન કરી આપણને સૌને કારણ સત્સંગની જીવંત પરંપરાનો પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો હતો.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વર્તમાનકાળે હજારો-લાખો મુમુક્ષુઓના હૃદયમાં ગુરુસ્થાને છે છતાં, ગુરુપૂર્ણિમાના અવસરે તેઓએ ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામી અને ગુરુદેવ પ.પૂ. બાપજીની જ ‘ગુરુ’ તરીકે ઓળખ કરાવી છે. તેમ છતાં ભગવાન અને ગુરુમાં ડૂબીને વર્તવાની તેઓની દાસત્વભક્તિ જ તેમના ગુરુપદને વિશેષ દેદીપ્યમાન બનાવે છે.

ગુરુપૂર્ણિમાના દિને શિષ્યગણ તેઓના મહિમાનું ગાન કરે તેથી અધિક ત્વરા અને ઉત્સુકતા તેઓને શ્રીહરિ અને ગુરુદેવના મહિમાનું ગાન કરવાની હતી. એટલે જ તેઓની કથાવાર્તાનો દિવ્યારંભ હતો.

ગુરુ ગુરુ તો સૌ કહે, પણ સૌના ગુરુ એક સહજાનંદ;
મૂર્તિ રૂપે આજ પ્રગટ મળ્યા છે તેનો છે આનંદ.

હે મહારાજ ! જગતમાં સૌ પોતે માની લીધેલ વ્યક્તિત્વને ગુરુ ગુરુ કહી સંબોધે છે પરંતુ હે મહારાજ !! કારણ સત્સંગની સમજણ કેવી અલૌકિક છે, ગુરુ ગુરુ તો સહુ કહે પણ સૌના ગુરુ એક સહજાનંદ. આપ અમારા ગુરુ છો દયાળુ !! અમારા જ્ઞેય ગુરુ કહો કે અમારા ધ્યેય ગુરુ, અમારા ઉપાસ્ય ગુરુ કહો કે સાધ્ય ગુરુ આપ છો મહારાજ. આપ સુધી પહોંચવા ભલે અમારે સત્પુરુષરૂપી ગુરુ જોઈએ જ. પરંતુ તેમના સંપૂર્ણ કર્તા તો આપ જ છો. દેખાય છે કે નળમાંથી પાણી આવે છે પરંતુ હકીકતમાં તો ટાંકીમાંથી નળ દ્વારા પાણી આવે છે. તેમ દેખાય છે સત્પુરુષ આજ્ઞા કરે છે, મરજી બતાવે છે, લાભ આપે છે પરંતુ ખરેખર તો આપ જ સપ્લાય કરી રહ્યા છો મહારાજ.

આવા સાચા સત્પુરુષ કદી પોતાનામાં મુમુક્ષુને જોડતા નથી.

જોગમાં આવે તેને શ્રીજીમહારાજ સુધી પહોંચાડી દેવો – આ શુદ્ધ ઈશકથી મુમુક્ષુનું સેવન કરતા હોય એ જ સાચા ગુરુ કહેવાય.

ગુરુપૂર્ણિમાના દિને વ્હાલા ગુરુજીએ સ્વરચિત પ્રાર્થના દ્વારા અદ્‌ભુત વિવરણ કર્યું હતું. પ્રાર્થના દ્વારા અનંત ગુરુના ગુરુરાજ શ્રીહરિ અને આપણ સૌના સત્પુરુષરૂપી ગુરુના મહિમાનું ઘોડાપૂર વહેતું મૂક્યું હતું. આવો, એ ઘોડાપૂરમાં ફરી ભીંજાઈએ, પ્રાર્થનાના શબ્દોને વાગોળીને.

સહજાનંદ સ્વામી રે પૂરણ ગુરુ પામિયા રે,
અનંત ગુરુના ગુરુ ગુરુરાજ રે;
આજ ગુરુપૂજન રે પૂજન સ્વીકારજો રે,
સ્વામી દાતા નિયંતા એક મહારાજ રે.

હે સહજાનંદ સ્વામી !! હે વ્હાલા વ્હાલા મહારાજ ! આપ અનંત ગુરુના ગુરુરાજ એવા પૂર્ણ ગુરુ છો. અમને આપની પ્રાપ્તિ થઈ ગઈ... કેવી અનહદ કરુણા !! અમારી પાસે આપને રીઝવવા બે હાથ અને ત્રીજું મસ્તક કહેતાં પ્રાર્થના સિવાય બીજું કોઈ સાધન નથી. આજના દિને અમારા ગુરુપૂજનનો સ્વીકાર કરજો મહારાજ.

આપ કેવા છો ?? અનંતાનંત અનાદિમુક્તોના સ્વામી છો. અનંતાનંત ઐશ્વર્યાર્થી અવતારોને ઐશ્વર્યના દેનારા છો. અનંતકોટિ બ્રહ્માંડમાં જેની પાસે જે જે કાંઈ છે તે આપનું દીધેલ છે મહારાજ.

શ્રીજીમહારાજના વખતમાં ચાર સમર્થ સદ્‌ગુરુ સંતોને મહારાજે તેમની સામર્થીનું વર્ણન કરવા જણાવ્યું. ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામી બોલ્યા, “મહારાજ, કોઈ ગમે તેવો વિરોધી હોય, માર માર કરતો મારી સામે આવીને ઊભો રહે તો શાંત થઈ જાય એવી મારી સામર્થી છે પરંતુ આ બધું આપના પ્રતાપે.” સદ્. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, “મહારાજ, મારામાં એવી કવિત્વશક્તિ છે કે મુખમાંથી જે શબ્દ નીકળે તે કાવ્ય બની જાય, પણ આપની કૃપાથી.” સદ્. નિત્યાનંદ સ્વામીએ કહ્યું, “મહારાજ, ગમે તેવા વિદ્વાન મારી સાથે શાસ્ત્રાર્થ કરવા આવે ને હું સામે જઈ ઊભો રહું તો તેઓ સામેથી હાર સ્વીકારી લે. પરંતુ આપના પ્રતાપે હોં.” સદ્. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, “મહારાજ, સંકલ્પ કરું કે આ પૃથ્વી અટન સો પટન ને પટન સો દટન થઈ જાય તો આખું બ્રહ્માંડ એક ક્ષણમાં ઊંધું વળી જાય. અનંતકોટિ બ્રહ્માંડનો ભગવાન હું, પરંતુ મારા ભગવાન આપ છો.”

હે મહારાજ ! આવા અનંત મહાસમર્થ અનાદિમુક્ત સત્પુરુષોના સામર્થ્યના દાતા, નિયંતા આપ છો. સ્વામી, દાતા, નિયંતા તથા ધ્યાન, ભજન, ઉપાસના આ છ ટાઈટલ આપના સિવાય કોઈને ન લાગે મહારાજ.

ધ્યાન ભજન રે ઉપાસના શ્રીહરિ તણી રે,
સ્વામિનારાયણ આપ જ અમ ભગવાન રે;
એવી ઠાંસી ઠાંસી રે નિષ્ઠા ભરી નાથની રે,
ગુરુદેવ દ્વારા આપ્યું શુદ્ધ અમને જ્ઞાન રે.

હે મહારાજ ! આપ જ અમારા ઈષ્ટદેવ છો. ધ્યાન, ભજન, ઉપાસના કેવળ આપનું જ થાય. ગઢડા મધ્યના ૧૯મા વચનામૃતમાં આપે જ કહ્યું છે કે, ‘ધ્યાન, ભજન, ઉપાસના આપ સિવાય કોઈ સિદ્ધમુક્તનું પણ ન જ થાય.’ હે મહારાજ ! એસ.એમ.વી.એસ.માં આ પરંપરા આવી નથી, આવશે પણ નહીં. શુદ્ધ જ્ઞાન, શુદ્ધ નિષ્ઠા પ્રવર્તાવનારા દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુદેવ મળ્યા અને ઠાંસી ઠાંસીને આપની નિષ્ઠા દૃઢ કરાવી દીધી. મહારાજ, અમારી જાતે આપનું સ્વરૂપ ઓળખાય તેમ નહોતું. આ તો ગુરુદેવ મળ્યા ને અમે એમની કૃપામાં ફાવી ગયા. પૂર્વે તો શુદ્ધ ઉપાસક એક નિત્યાનંદ સ્વામી જ હતા. આજે અમારા જેવા હજારોને ઉપાસના દૃઢ કરાવી હજારો નિત્યાનંદ સ્વામીની સંપ્રદાયને ભેટ ધરી છે આ દિવ્યપુરુષે. ધન્ય છે તેમની પરભાવિતાને ! આ દિવ્યપુરુષે અમારાં ઘર ચોખ્ખાં કર્યાં, મંદિર ચોખ્ખાં કર્યાં, અમારાં જીવન ચોખ્ખાં કર્યાં !! અનંતાનંત ઉપકાર છે એમના અમારી પર. કેમ પ્રભુ !! તો,

દિવ્ય ગુરુ પામ્યા રે જે મૂર્તિમાં અખંડ રહ્યા રે,
કર્યા કર્યા અનંતને અનાદિ ખાસ રે;
હતી ખોટ ભાંગી રે ભાંગી ભવોભવની રે,
સહેજે સહેજે આપ્યો છે મૂર્તિમાં વાસ રે.

હે મહારાજ ! આપે અમને કેવા દિવ્ય ગુરુની ભેટ ધરી છે. જેઓ દેખાયા અમને અમારા જેવા પરંતુ તેઓ તો અખંડ મૂર્તિમાં રહેનારા. આહાહા !! અમારો હાથ ઝાલી જન્મોજન્મનાં ખોટનાં ખાતાં પર ચોકડી મારી દીધી !! અમારા દોષોનો ભાર લઈ લીધો એમણે અને અમને અનાદિમુક્ત કરી મૂર્તિ આપી દીધી. મૂર્તિમાં વાસ આપી દીધો. અનાદિની સ્થિતિના કોલ આપી દીધા !! સાવ ફદલમાં જીવમાંથી મુક્ત કરી દીધા ! આથી મોટી કરુણા કઈ !!

**પૂર્ણ ગુરુ એક સહજાનંદ સ્વામી જ છે.**

ખરેખર મહારાજ, અમે ખૂબ ફાવી ગયા છીએ.

આવા મોટા સંગે રે રાખ્યા સદા રાખજો રે,
દેહાભિમાને અમ આંકડો છૂટી ન જાય રે;
મનમુખી મટી રે સરળ થઈ સેવીએ રે,
હાજી હાજી કરીએ રાજી રાજી સદાય રે.

હે પ્રાણાધાર ! હે ગુરુરાજ !! સદાયને માટે આવા દિવ્ય ગુરુના સંગમાં રહેવાય એવી કૃપા કરજો. દેહાભિમાનનું જોર એવું છે કે ભલભલાને પછાડ્યા છે. અમારી પર કૃપા કરજો. દેહાભિમાને કરી દિવ્ય ગુરુમાં સંશય, સંકલ્પ ન કરી બેસીએ. મહારાજ ! ગમે તેવા ફર્સ્ટ ક્લાસ ડબ્બાની ગાડી હોય પરંતુ એંજિન સાથે જોડાયેલી ન હોય તો ગાડી ક્યાં જાય ? ઠેરના ઠેર. તેમ આજ સુધી આ દિવ્યપુરુષે અમને ખોળામાં બેસાડી ઉછેર્યા, પાલવ્યા, પોસ્યા અને દેહાભિમાને કરી સત્તા, આવડત ને ગુણના અહંકારમાં આવા આવા દિવ્ય ગુરુથી છેટા થઈ જઈએ તો શું થાય અમારું ? કૃપા કરો... મોટા થકી કદી મન છેટું ન થાય. આંકડો છૂટી ન જાય. એમની આગળ મનમુખી મટી, સરળ થઈ હાજી હાજી કહી એમને સદાય રાજી કરતા શીખીએ એ જ અમારું શિષ્યત્વ છે.

નિર્દોષબુદ્ધિ રે અહોહોપણું રે,
દર્શન-પૂજન ક્યાંથી મળે આ વાર રે;
આપો અભયવર રે, દેજો અતિ દયા કરી રે,
શબ્દો સુણતાં કૃપા કરજો અનરાધાર રે.

હે મહારાજ, હે ગુરુદેવ !! આપનાં દર્શન ક્યાંથી મળે ? આ પૂજન ક્યાંથી મળે ? આ સેવા ક્યાંથી મળે ? આ જોગ ક્યાંથી મળે ? આ વાત ક્યાંથી મળે ? નિરંતર આવા નિર્દોષભાવ અને અહોહોભાવમાં રાચ્યા કરીએ. ગુરુપૂર્ણિમાએ અમારો માગવાનો ધર્મ છે પ્રભુ !! અને આપને આપવાનો. આપને ઘેર ખોટ નથી અને અમારે ખોટનો પાર નથી. અમને અભયવર આપો પ્રભુ કે જેના જેના કાને આ શબ્દો પડે તેને બીજો જન્મ ન ધરવા દેશો પ્રભુ !! બીજો જન્મ ન ધરવા દેશો...

અમારી આટલી પ્રાર્થનાનો સ્વીકાર કરો... વ્હાલા સ્વીકાર કરો...


**સમસ્ત સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના તથા અનાદિમુક્તની સ્થિતિની વાતો પીરસતું એકમાત્ર સર્વોત્કૃષ્ટ સામયિક 'ઘનશ્યામ'.**

**ઘનશ્યામ MP3 Audio**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો ઓડિયો સ્વરૂપે શ્રવણ કરવા મળશે.
www.smvs.org/Audio

**ઘનશ્યામ PDF**
ઘનશ્યામ સામયિક PDF સ્વરૂપે વાંચવા મળશે.
www.smvs.org/Download

**ઘનશ્યામ Jukebox**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો હવે youtube પર માણવા મળશે.
www.youtube.com/smvs

**ચાલો, રાજીપાના રાજમાર્ગે આગળ વધવા વાંચન-શ્રવણ અને મનનના આગ્રહી બનીએ.**

**ઘનશ્યામ અંક માટેના લવાજમના નવા દર :**
**૧ વર્ષ - ૧૦૦₹ ૩ વર્ષ - ૩૦૦₹ ૫ વર્ષ - ૫૦૦₹**
**આજે જ આપના નજીકના સેન્ટરમાં જઈ ઘનશ્યામ સામયિકના ગ્રાહક બનો.**
**વધુ માહિતી માટે સંપર્ક : ઘનશ્યામ કાર્યાલય : ૬૩૫૩૪૮૨૫૫૦**
**ખાસ નોંધ - પોસ્ટિંગ સિવાયના પ્રશ્નો જ કાર્યાલય દ્વારા ધ્યાન પર લેવામાં આવશે.**



# Thank You Very Much

સવારના પાંચ વાગ્યાના સુમારે અચાનક મારી આંખ ખૂલી. સૌપ્રથમ સ્મૃતિ થઈ મારા પ્રિયતમ પ્રભુ ભગવાન સ્વામિનારાયણની. બીજી સ્મૃતિ થઈ મારા ગુરુદેવ પ.પૂ. બાપજી અને દિવ્યજીવન પ્રદાતા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની, મારી વ્હાલી વ્હાલી ગુરુમાની. અંતરમાં આનંદ આનંદ વ્યાપી ગયો. હૈયામાં ઉમળકો હતો ગુરુપૂજન કરવા જવાનો. કેમ કે આજનો દિવસ મારા માટે સૌથી મહત્ત્વનો હતો. આ દિવસ એટલે ગુરુપૂર્ણિમાનો દિવસ. દીવાલ પર રહેલી મહારાજ, બાપા, બાપજી અને સ્વામીશ્રીની મૂર્તિ પર નાઇટ લૅમ્પની આછી કિરણો પ્રકાશ પાડી રહી હતી.

હું પથારીમાંથી ઊભો થયો ને મૂર્તિ સમક્ષ ઊભા ઊભા વિચારે ચડ્યો. વિચારતાં વિચારતાં આંખના ખૂણા ભીના થયા. ગુરુઋણ, ગુરુઉપકારને વાગોળતાં હૈયું ભીંજાઈ ગયું. આંતરવીણાના તાર ઝણઝણ્યા અને અહોભાવના સૂર ઊઠ્યા. મારા ગુરુદેવ અને વ્હાલા ગુરુજીની કૃપાવર્ષામાં ભીંજાઈ જતાં અંતરમાં આનંદ આનંદ વ્યાપી ગયો. મને સદ્. ગુણાતીતાનંદ સ્વામીની પ્રકરણ-૧ની ૧૬૧મી વાત યાદ આવી. સ્વામી બોલ્યા છે કે, “મોટા મોટા સૌ સાધુનો સંગ કરવો તેનું કારણ શું ? જે કોઈકમાં એક ગુણ હોય, કોઈકમાં બે ગુણ હોય ને કોઈકમાં ત્રણ ગુણ હોય તે સર્વેના સંગમાંથી તે તે ગુણ આવે ને સર્વગુણે સંપન્ન એક મળે તો કાંઈ વાંધો જ ન રહે, પણ એવા ઝાઝા હોય નહીં.”

આહાહા... અનંતકોટિ બ્રહ્માંડમાં મારા જેવું કોઈ કૃપાવંત નથી. એવા ઝાઝા ન હોય કે એના જેવું કોઈ ન હોય તેવા અવરભાવ કે પરભાવમાં કોઈ વાંધો ન રહેવા દે એવા સર્વગુણસંપન્ન, સર્વાંગ અનાદિમુક્ત સત્પુરુષ મને ગુરુ રૂપે મળી ગયા છે. આવા સમ્રાટ, સમર્થ ગુરુના શિષ્ય થવાનો અલૌકિક લહાવો મને મળ્યો છે. આ વિચારે અંતર આનંદમાં, પ્રાપ્તિના કેફમાં હિલોળા મારવા લાગ્યું.

કરુણાસાગરમાં ભીંજાયેલા હૈયામાંથી પ્રાર્થનાના સૂર નીકળવા માંડ્યા. વારંવાર અંતરથી આભાર વ્યક્ત થતો ગયો. **Thank You, Thank You**ના ઉદ્‌ગારો નીકળવા માંડ્યા.

પ્રથમ **Thank You** મારા પ્રાણઆધાર, મારું સર્વસ્વ એવા જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા મારા વ્હાલા વ્હાલા મહારાજને... મારા જેવા અનંત જીવોના આત્યંતિક કલ્યાણનાં દ્વાર ખોલવા આપે આ બ્રહ્માંડમાં દર્શન આપ્યાં. જીવનપ્રાણ બાપાશ્રીની ભેટ આપી. મને આ દિવ્ય યોગમાં ખેંચી લીધો.



**પ્રેમપાશમાં બાંધી પ્રભુ પાસ પહોંચાડી દે તે ગુરુ.**



બીજું **Thank You** મારા બાપાશ્રીને... શ્રીહરિએ સ્થાપેલા સિદ્ધાંતોના પ્રવર્તન કાજે કારણ સત્સંગ સ્થાપ્યો. અનાદિમુક્તની સ્થિતિનું શ્રેષ્ઠ જ્ઞાન આપ્યું. આપે જ મારા ગુરુદેવ પ.પૂ. બાપજીની ભેટ આપી.

ત્રીજું **Thank You** મારી અમીરપેઢીના સમર્થ સદ્ગુરુશ્રીઓને... જેમણે શ્રીજીમહારાજના સિદ્ધાંતો બાપાશ્રીએ યથાર્થ સમજાવ્યા તેને જાળવી રાખવા જેમણે અનેક કષ્ટો સહ્યાં. હે ઈશ્વરબાપા ! સમસ્ત સંપ્રદાય પર અને કારણ સત્સંગના સમાજ ઉપર આપે મહેર કરી. આપનો ખૂબ આભાર કે આપે પ્રદીપિકા ટીકા સહ વચનામૃત અને બાપાશ્રીની વાતો જેવા અમૂલ્ય ગ્રંથોની ભેટ આપી. હે મુનિબાપા ! આપની તો શું વાત કરું ? આપે તો અતિ અતિ મહેર કરી કે, અનાદિમુક્તની સ્થિતિના વર્તમાન યુગ પ્રવર્તક સમર્થ સત્પુરુષ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની ભેટ આપી.


ચોથું **Thank You** મારા ગુરુદેવ પ.પૂ. બાપજીને... હે ગુરુદેવ ! આપે જ અમને શ્રીહરિની અને બાપાશ્રીના સ્વરૂપની ખરા અર્થમાં ઓળખાણ કરાવી. આપે જ આપના જેવા સમર્થ સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આપના સ્થાને ભેટ આપી. ગુરુજીના પરભાવી સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરાવવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

પાંચમું **Thank You**. ખાલી **Thank You** નહિ, **Thank You Very Much** મારા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને... આપની તો શી વાત કરું ગુરુજી ! મારું અસ્તિત્વ જ આપને લઈને છે. હું જ્યાં પણ છું, જે પણ છું તે આપને લઈને જ છું. આપના વિના તો મારું અસ્તિત્વ જ ન ટકે તો બીજું શું રહે ? માટે હે ગુરુજી ! આપનો અનંતાનંત વાર આભાર. **I am nothing without you, but I am everything with you.**

ગુરુજી મારા... મારા શ્વાસે શ્વાસે છે ઋણ અપારા,<br>
એક જીવનની કુરબાની શું ? અનંત શીશ છે ચરણે તમારા.<br>
અનંત ઉપકાર છે ગુરુજી તમારા, તે માટે કરજદાર હૈયામાં વાગે નગારાં.<br>
હવે દેહ, દેહના સંબંધો ખારા, મૂર્તિ આપી હે તારણહારા.

નિત્ય ક્રિયા કરી હું મંદિરે પહોંચી ગયો અને ગુરુપૂર્ણિમા ઉત્સવની સ્મૃતિઓ માણતો ગયો.

**તે જન સાચા જે ગુરુ વચને તન કરી નાખે ચૂરેચૂરા.**



# ગુરુપૂર્ણિમા ઉત્સવ – ૨૦૨૫

વહેલી સવારથી જ હરિભક્તોનો ભક્ત મહેરામણ ઊમટી પડ્યો હતો. આટલી શિષ્યમેદની જોતાં હું ફરી મહાત્મ્યના ઘૂઘવતા સાગરમાં ડૂબ્યો. આટલા બધા ભક્તો ? પણ બીજી મિનિટે વિચાર્યું, કેમ ન હોય ? આજે સમસ્ત ભક્ત સમાજ પોતા પર થયેલા ગુરુઋણને યાદ કરી, ગુરુએ પોતા પર કરેલા અનંત ઉપકારોને યાદ કરી, ગુરુચરણે પોતાનું મસ્તક મૂકી ગુરુના આશીર્વાદ પ્રાપ્ત કરે છે. આજના દિને શિષ્ય માટે ગુરુની એક ઝલકનાં દર્શન પણ અંતરમાં શાતા આપે છે અને એ શાતા જ ‘હું સદાય મારા ગુરુનો ઋણી રહીશ’ એ ભાવને વધુ સુદૃઢ બનાવે છે. દિવસે દિવસે સત્સંગ સમાજ ખૂબ વધતો જતો હોવાથી તેમજ દરેક મુક્તો વ્હાલા ગુરુજીનાં વધુ નિકટથી દર્શન-કૃપાશિષ પામી શકે તે માટે આ વર્ષે પણ તા. ૧૦-૭-૨૦૨૫થી તા. ૨૦-૭-૨૦૨૫ દરમ્યાન વિવિધ ઝોનમાં ગુરુપૂર્ણિમા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.







અધ્યાત્મના ભોમિયા એટલે સાચા ગુરુ.

### અનાદિમુક્ત પીઠિકા દર્શનમ્

ગુરુપૂર્ણિમાના નવલા પ્રભાતે દરેક શિષ્ય ઊઠતાંની સાથે જ ગુરુજીને પ્રાર્થના દ્વારા ગુરુવંદના અર્પી રહ્યા હતા. જ્યારે ગુરુજીએ શિષ્ય સમાજની પ્રાર્થના સ્વીકારવા કરતાં સૌપ્રથમ અનાદિમુક્ત પીઠિકાએ સંતો-પાર્ષદો સહિત પધારી ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના-પૂજન કરી ગુરુવંદના અર્પી હતી. આમ, અનાદિમુક્ત પીઠિકાએ ગુરુદેવને પ્રાર્થના, પૂજન, આરતી, પ્રદક્ષિણા, દંડવત-દર્શન દ્વારા રીઝવી ગુરુજી સંત આશ્રમના પ્રાર્થના મંદિરમાં પધાર્યા.

### પૂ. સંતો–પાર્ષદો દ્વારા ગુરુપૂજન

સંસ્થાના આધારસ્તંભ સમા તેમજ ગુરુજીના પ્રથમ ખોળાના દીકરા સમા પૂ. સંતો, પૂ. પાર્ષદો તથા STKના મુક્તોને ગુરુપૂર્ણિમાના દિવ્ય અવસર નિમિત્તે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે આગલી રાત્રે ગુરુજીના પૂજન-અર્ચનનો સૌપ્રથમ લાભ મળ્યો હતો. સર્વે ગુરુજીના દિવ્ય ચરણોમાં પુષ્પછડી અર્પણ કરી, પ્રાર્થના દ્વારા ગુરુવંદના અર્પણ કરી. ત્યારબાદ પોતાના લાડીલા દીકરાઓને ગુરુજીએ ભેટણ લીલાનો લાભ આપ્યો હતો. ત્યારબાદ ગુરુજીએ સૌને સ્વહસ્તે પ્રસાદી જમાડી કૃપાવર્ષાની લહાણી કરી હતી. સંસ્થાના અન્ય સેન્ટરના પૂ. સંતોએ પોતાના ઝોનમાં પણ ગુરુપૂર્ણિમાના પાવન પર્વે ગુરુજીના પૂજન-અર્ચનનો લાભ લીધો હતો.

### ગુરુપૂર્ણિમા ઉત્સવ – વાસણા

તા. ૧૦-૭-૨૦૨૫ ને ગુરુવારના રોજ સંસ્થાના આદ્યસ્થાન સમા વાસણા મંદિરે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં ગુરુપૂર્ણિમાનો મુખ્ય ઉત્સવ ખૂબ દિવ્યતાસભર ઊજવાઈ ગયો. સવારે ૭ વાગ્યાના સુમારે વાસણા ખાતે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીના આગમનને સૌ કોઈએ વધાવી લીધું હતું. સામૈયા દરમ્યાન સૌ કોઈએ પોતાના ગુરુવરની એક ઝલક પામવા આસપાસનાં ઘરોનાં ધાબાં-અગાસી પર સ્થાન લઈ લીધું હતું. ગુરુવરનાં દર્શન થતાં જ જ્યાં ઊભા હોય ત્યાંથી જ પુષ્પવૃષ્ટિ કરી ગુરુવંદના અર્પણ કર્યાની લાગણી અનુભવતા.

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દર્શનમ્ વિભાગમાં સવારે ૮ વાગ્યે બિરાજ્યા. પૂ. સંતોએ હરિકૃષ્ણ મહારાજનું હાર વડે પૂજન કર્યું. ત્યારબાદ પૂ. સંતોએ ગુરુજીનું પૂજન કરી ગુરુજીને હાર પહેરી રાખવા પ્રાર્થના કરી. પરંતુ દાસત્વની મૂર્તિ એવા ગુરુજીએ કંઠમાંથી હાર કાઢી હરિભક્તને પહેરાવી દીધો. સૌ હરિભક્તો વ્હાલા ગુરુજીનાં દર્શન કરી અહોભાવની દુનિયામાં ગરકાવ થતા જાય અને વ્હાલા ગુરુજી પણ દિવ્યભાવે, સસ્મિત ચહેરે, સૌના મસ્તકે આશીર્વાદનો હસ્ત મૂકી રાજી થકા જય સ્વામિનારાયણ પાઠવતા જાય. હું તો દર્શન કરતાં કરતાં અહોભાવને પામ્યો. મેં આ શું જોયું ? કોઈ હરિભક્ત પૂજન કરવા આવ્યા તો ગુરુજીએ સાર-સમાચાર પૂછી સંભાળ લીધી. વળી, આશીર્વચન આપતાં થકા 'પ્રસાદ લઈને જજો' એવું સૂચન કર્યું.

બીજા એક હરિભક્ત પૂજન માટે આગળ આવ્યા. પૂજન કરતા પહેલાં તેમના બંને હાથ પકડી તેમને રોક્યા અને પૂછ્યું, "ભઈલા, તું સભામાં કેમ દેખાતો નથી ? સભામાં તો આવવું જ જોઈએ. ચાલો, અત્યાર સુધીનું માફ. પણ હવે નિયમિત સભા ચાલુ કરવાની. તો જ પૂજનનો લાભ મળશે." આવેલ હરિભક્તે હા પાડ્યા બાદ જ ગુરુજીએ પૂજન કરવા દીધું. મને વિચાર એ આવે છે કે, પોતે ગુરુપદે બિરાજ્યા હોવા છતાં દરેકની સાથે નાની નાની બાબતોથી જોડાય છે, તેની સંભાળ રાખે છે. જ્યારે સામા પક્ષે હું મારી તરફ નજર કરું તો મને ખ્યાલ આવ્યો કે મેં ગુરુજીની સંભાળ લીધી છે ? શું મારા ગુરુજીનું ગમતું મેં મારું ગમતું કર્યું છે ? આજના દિને મારો મારા ગુરુ સાથેનો અંતરાય દૂર થાય અને ગુરુથી નિકટતા કેળવાય એ વિચારોમાં હું ઊંડે સુધી ખોવાઈ ગયો. આ દર્શન અને મહિમાગાનની ધારા મને ભીંજવતી હતી.

ગુરુજી દર્શન વિભાગમાં જ્યારે દર્શન આપતા હતા ત્યારે સભામંડપમાં વિવિધ સંતો દ્વારા ગુરુમહિમાના સંત પ્રવચનોનો પ્રવાહ ચાલુ હતો. વ્હાલા ગુરુજીના આગમન પહેલાં પ્રાસંગિક પ્રવચન તેમજ સંત કથાવાર્તાના માધ્યમથી જીવનમાં ગુરુકૃપા-







ગુરુઆશિષની ક્યાં જરૂર પડે છે ? શું જરૂર પડે છે ? તે અંગે પૂ. ધર્મસ્વામીએ વિશેષ લાભ આપ્યો.

સળંગ, એકધારા, એક બેઠકે સૌને અઢી કલાક સુધી દર્શન-આશીર્વાદનો લાભ આપ્યા બાદ વ્હાલા ગુરુજી હરિકૃષ્ણ મહારાજ સંગે ૧૦:૩૦ વાગ્યાના સુમારે મૂર્તિધામ હૉલમાં પધાર્યા. સ્વાગત ટીમ તૈયાર હતી. સાથે બૅન્ડ ટીમ પણ ગુરુજીના આગમનને વધાવવા અધીરી બની હતી. ત્યાં મેં જોયું. બધા જ તૈયાર હતા. ગુરુજી પણ તૈયાર હતા. પણ ગુરુજી આગળ ન વધે. એટલામાં સેવક સંત ઠાકોરજીના થાળ ધરાવ્યા બાદ જળ ધરાવી ઠાકોરજીને લઈ આગમન સ્થળે પધાર્યા.

વ્હાલા ગુરુજીએ હરિકૃષ્ણ મહારાજને લઈને આવેલા સંતને પોતાથી આગળ ઊભા રાખ્યા. ત્યારબાદ ગુરુજીએ ચાલવાનું શરૂ કર્યું. મારા ગુરુની તો વાત જ જુદી છે. હંમેશાં મેં તેમના જીવનમાં મહારાજનું કર્તાપણું-મુખ્યપણું જોયું છે. આજે મારા સ્મૃતિ સંગ્રહકોશમાં ફરી એક વાર આ પ્રસંગ સ્થાન પામ્યો. પળે પળે નજરે નિહાળ્યું છે કે સાથે રહેલા સેવક સંત હરિકૃષ્ણ મહારાજને લઈને આગળ જતા રહે તો પોતે પાછા ઊભા રહી જાય. હરિકૃષ્ણ મહારાજને નજીક રખાવે અને તેમની પાછળ જ ગુરુજી ચાલતાં ચાલતાં પધારે. તેઓ જણાવે કે, “આગમન મહારાજનું થાય છે, અમારું નહીં.” જેઓએ શ્રીજીમહારાજે બતાવેલી એક નાનકડી આજ્ઞાનું પણ કદી ઉલ્લંઘન કર્યું નથી. હંમેશાં પોતે પહેલાં વર્ત્યા છે અને પછી અનંતને વર્તાવ્યા છે. એવા ગુરુવરના જીવનમાં શ્રીજીમહારાજની ગેરહાજરી, એમનું ગૌણપણું કેવી રીતે શક્ય બને ? અશક્ય વાત છે.

એક મોરને મારવા માટે શિકારીએ ઉપરાઉપરી ૧૨ ગોળીઓ ચલાવી, પણ મોરને કાંઈ થયું નહીં. કારણ કે મોર સદ્. ગોપાળબાપાની દૃષ્ટિથી વીંધાઈ ગયો હતો. મોટાપુરુષની એક દૃષ્ટિ પણ આટલું કામ કરતી હોય તો જેના પર મોટાપુરુષનો રાજીપો વરસતો હોય તેની તો શું વાત કરવી ? આ પ્રસંગનું આબેહૂબ દર્શન કરાવતી એક નાનકડી દૃશ્ય-શ્રાવ્ય ફિલ્મનું દર્શન કરતાં સૌ કોઈની સાથે વ્હાલા ગુરુજીના નેત્રકમળના ખૂણા પણ ભીના થયા. ઉપસ્થિત સૌ કોઈએ ગુરુજીના રાજીપાનું પાત્ર બનેલા મોરબી સેન્ટરના પ.ભ. રઘુભાઈ ભૂતને તાળીઓના નાદથી વધાવી લીધા.

આજરોજ વ્હાલા ગુરુજીએ આશીર્વર્ષા સહ દિવ્યવાણીનો લાભ આપી સૌને મહાત્મ્યની દુનિયામાં ગરકાવ કર્યા હતા. આજના દિને એક શિષ્યને જ ખબર હોય કે તેના જીવનમાં ગુરુનું શું સ્થાન છે ? પણ મારા ગુરુની તો શું વાત કરું ? એમનો મહિમા તો એ ગાવા જ ન દે. પોતે કદી ઉપસે જ નહિ, મહારાજને જ આગળ કરે, મહારાજને જ કર્તા કરે, લાખો લોકો પૂજનારા મળે ત્યારે વ્યક્તિનું પ્રાધાન્ય વધી જતું જોવા મળ્યું છે. પણ સિંહના તો સિંહ જ હોય ને ! એ ન્યાયે ગુરુદેવનો ચીલો ગુરુજીએ સદાયની



ગુરુ શિષ્યને ત્યજતા નથી પરંતુ તાવે છે.






જેમ આજેય જાળવી રાખ્યો છે. કદાચ જો આપણે એમનો મહિમા ગાઈએ તો એવી યુનિક વાત લઈને સમજાવે કે આપણો પ્રશ્ન જ ઊડી જાય.

વાસણા ખાતે ગુરુપૂર્ણિમા વખતે કથાવાર્તા દરમ્યાન લાભ આપતાં ગુરુજીએ જણાવ્યું કે, ગત ગુરુપૂર્ણિમામાં આગમન સમયે અમે (ગુરુજીએ) ઠાકોરજીને હસ્તમાં લેવા અંગે જણાવ્યું તો સંતોએ અમને કહ્યું કે, ‘‘રાજી રહેજો ગુરુજી, આજે ગુરુપૂર્ણિમા છે. આપ ગુરુસ્થાને બિરાજ્યા છો. માટે આપને ઠાકોરજી ન લેવાય.’’ અમે (ગુરુજી) તો ગળગળા થઈ ગયા અને પછી વાત સમજાવી કે, ‘‘પ્રધાનમંત્રીની હાજરીમાં મુખ્યમંત્રીનું કાંઈ ન ચાલે. એમ મહારાજ પ્રધાનમંત્રી છે અને અમે મુખ્યમંત્રી. રાજ્યમાં પ્રધાનમંત્રી આવે એટલે મુખ્યમંત્રી દબાઈ જાય. પ્રધાનમંત્રી જ ઉદ્‌ઘાટન કરે. મુખ્યમંત્રીએ એ વખતે માત્ર ઊભા જ રહેવાનું હોય.’’ સંતો અવાક બની રહ્યા. તેમની પાસે ગુરુજીના પ્રશ્નનો કોઈ ઉત્તર ન હતો. પછી ધીરે રહીને ગુરુજીએ સંતોને કહ્યું, ‘‘સંતો, અમને ક્યારેય ગુરુ છીએ એવો ભાવ આવતો જ નથી. અમે તો મૂર્તિમાં જ છીએ. મૂર્તિમાંથી બહાર આવીએ તો ગુરુપણું ભોગવીએ ને ! પણ સદાય મહારાજને જ સાથે રાખ્યા છે, અલગ થયા જ નથી ને અલગ છીએ પણ નહીં.’’ સંતોએ કહ્યું, ‘‘ગુરુજી, આજે મોટી પૂનમ છે. દર્શનાર્થે આવેલા હજારો લોકોને આપના પૂજનની ત્વરા ન હોય ?’’ ગુરુજીએ કહ્યું, ‘‘સો ટકા હોય. પણ મનેય મારા ગુરુનું પૂજન કરવાની ત્વરા ન હોય ? મારે પણ મારા મહારાજનું, મારા ગુરુદેવનું પૂજન કરવું હોય ને !’’

ફરીથી સંતો અવાક બની રહ્યા અને વિચારવા લાગ્યા, ‘વાહ ગુરુજી ! શું આપની મહારાજ પ્રત્યેની એકતા ! જેમણે કદી ગુરુદેવની એક આજ્ઞા લોપી નથી કે રુચિમાં વર્તાવવા માટે અને ગુરુદેવનો રાજીપો અપાવવા માટે કોઈને લોપવા દીધી નથી. વાહ મહારાજ ! મહેર કરી આવા દિવ્યપુરુષ આપીને. આ જોતાં મારું અંતર આજેય કરુણાથી ગદ્‌ગદિત થઈ ઊઠે છે.

આજે ગુરુપૂર્ણિમા હોવાથી સવારે ૭ વાગ્યે સૌને દર્શન-આશીર્વાદનો લાભ આપવા માટે વ્હાલા ગુરુજી વાસણા પહોંચી ગયા. ગુરુજી સવારે અલ્પાહાર તો ગ્રહણ કરતા નથી. વળી, કથાવાર્તાનો લાભ આપ્યા બાદ દૂર દૂરથી દર્શનાર્થે આવેલા હરિભક્તોને ૨ વાગ્યા સુધી ફરી દર્શન-આશીર્વાદનો લાભ આપી ઠાકોરજી જમાડવા પધાર્યા. ઠાકોરજી જમાડ્યા બાદ વ્હાલા ગુરુજી પોઢવા માટે પધારતા જ હતા ત્યાં સવારથી હરિભક્તો માટે રસોડાની સેવામાં રહેલા ઈસનપુરના હરિભક્તો ગુરુજીનાં દર્શનાર્થે પધાર્યા. વળી, ગુરુજી સૌને રાજી કરી પોઢવા માટે પધાર્યા. આરામ થયો ન થયો અને ૪ વાગ્યે તો ગુરુજી મહેસાણા ખાતે આયોજિત ગુરુપૂર્ણિમા ઉત્સવમાં લાભ આપવા પધારવા માટે ઉતાવળા બન્યા. મહેસાણા તથા હવે પછીના પ્રતીક ગુરુપૂર્ણિમાના ઝોનવાઇઝ જે પ્રસંગો બન્યા તે આપને જણાવું.

ગુરુ શિષ્યને નહિ, તેના અહંકારને મરોડે છે.













**સર્વત્ર થયેલ ગુરુપૂર્ણિમા ઉત્સવોની આછેરી ઝલક**

ઠેર ઠેર આયોજિત થયેલ ગુરુપૂર્ણિમા નિમિત્તે સ્વાગતયાત્રા દરમ્યાન કેટલાક મુમુક્ષુઓનાં ફદલમાં કલ્યાણ કર્યાં. મહેસાણા ગુરુપૂર્ણિમા દરમ્યાન એક લારીવાળા ભાઈ ગુરુજીને આપવા માટે ખારેકની થેલી લઈને આવ્યા. ગુરુજીએ તેમાંથી માત્ર ચાર નંગ ખારેક લઈ, ‘‘જા તારું પૂરું.’’ એમ ફદલમાં આશીર્વાદ આપ્યા.

થોડે આગળ જતાં એક ભાઈ માંડવીની (મગફળીની) થેલી ભરીને આવ્યા. વ્હાલા ગુરુજીએ માંડવી મહારાજને ધરાવી, માંડવી સ્વીકારી, ‘‘એ બિચારાનું પૂરું.’’ એવા ઠેઠના આશીર્વાદ આપી પામર જીવનું કલ્યાણ કરી દીધું. જેમની સર્વે ક્રિયાના કરનારા મહારાજ હોય, એમના મુખેથી આવા આશીર્વાદ વહ્યા હોય તેને બીજો જન્મ ધરવાનો બાકી રહે ? ન જ રહે. દર્શન-આશીર્વાદ આપતાં થકા રાત્રે ૧૧ વાગ્યે વ્હાલા ગુરુજી સ્વામિનારાયણ ધામ પરત પધાર્યા. આજે તો હજુ ગુરુપૂર્ણિમાના ઉત્સવોની શરૂઆત થઈ હતી. પહેલા જ દિવસે સળંગ ૧૭ કલાકથી વધુ સમય સૌને રાજી કરવામાં આવ્યો. આ જોઈ હું મારા ગુરુવર માટે નતમસ્તક થઈ ગયો.

અરે, એટલું જ નહિ બીજા દિવસે તા. ૧૨-૭-૨૦૨૫ના રોજ ગુરુજી મોડાસા ખાતે તેમજ તા. ૧૩-૭-૨૦૨૫ના રોજ ગોધર મુકામે ગુરુપૂર્ણિમા ઉત્સવનો લાભ આપવા પધાર્યા હતા. સૌ જીવને કરવાં છે સુખી રે, નથી રાખવા કોઈને દુઃખી રે. એ ન્યાયે તા. ૧૪-૭-૨૦૨૫ના રોજ વ્હાલા ગુરુજીએ ગાંધીનગરથી સુરેન્દ્રનગર (૧૪૧ કિ.મી) તેમજ સુરેન્દ્રનગરથી મોરબી (૧૩૨ કિ.મી) ખાતે ગુરુપૂર્ણિમા ઉત્સવમાં લાભ



ગુરુ બિન જ્ઞાન, બ્રહ્મજ્ઞાન ન લહત હૈ.








આપવા પધારી હજારો મુમુક્ષુ જીવોને સુખિયા કર્યા. મોડી રાત્રે મોરબીથી સ્વામિનારાયણ ધામ ખાતે (૨૨૦ કિ.મી.) આખા દિવસનો ૪૯૩ કિ.મી.નો યાત્રાપ્રવાસ પૂર્ણ કરી આસને પધાર્યા.

દરેક ઝોનમાં પૂ. સંતો વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા વ્હાલા ગુરુજી માટે અવનવી વાનગીઓ બનાવી તૈયાર કરતા. સંતોને પણ હરખ હોય કે પોતાના ગુરુ માટે આજે કંઈક વિશિષ્ટ બનાવે. એ સંતોની મહારાજ તથા ગુરુ માટેની પ્રીતિ છે. જેમના વચને પોતાનું જીવન ન્યોછાવર કરી દીધું એવા સંતો રાત-દિવસ જોયા વિના ગુરુપૂર્ણિમા ઉત્સવની તૈયારીમાં જોડાઈ જતા. જમાડવાના સમયે સંતો ગુરુજીને ખૂબ આગ્રહ કરીને સારી વાનગી જમાડે. પણ ગુરુજી તે ન જ જમાડે. જમાડે તોય નછૂટકે એક નાનકડો ગ્રાસ (ટુકડો) માંડ ગ્રહણ કરે. આ લોકમાં જો કોઈ દેહધારી ગુરુસ્થાને બેઠા હોય તો તેઓ બાર પકવાન મગાવે. પરંતુ મારા ગુરુજીની વાત સાવ નોખી છે. આવા સમયે પણ નિઃસ્વાદીપણું જણાવી સાધુતાનો શણગાર શોભાવે.

ક્યારેક બાળકો હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીના સ્વાગત માટે ફૂલની છાબડી લઈને ઊભા હોય તો બાળકના હાથમાંથી છાબડી લઈ તેના માથે જ ઊંધી વાળી દે. ગુરુકુલની ગુરુપૂર્ણિમા સમયે બાળમુક્તોએ ગુરુજીને પ્રાર્થના કરી, “હે ગુરુજી, અમે આપના દાસ બની રહીએ એવું બળ આપજો.” ગુરુજીએ બાળમુક્તોને કહ્યું, “અમે તમારા દાસ બની રહીએ એવી મહારાજને પ્રાર્થના કરજો.” આ સાંભળતાં જ સાથે રહેલ સંત વૃંદ તેમજ હરિભક્તો ગુરુજીની દાસત્વભાવની દુનિયામાં ખોવાઈ ગયા.

શિષ્યના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે તે ગુરુ.







મને જે ગુરુ મળ્યા છે એમની તો વાત જ નિરાળી છે. પોતે ગુરુપદે બિરાજ્યા હોવા છતાં તેમનું કોઈ પૂજન કરે એ માટે અરુચિ જ વર્તે છે. અવરભાવમાં જો આ સ્થાને આ લોકમાં કોઈ બીજી વ્યક્તિ હોય તો એમના તો ઠાઠ જ કંઈક જુદા હોય. અરે, ખાલી કંઠમાં એક હાર પહેરી રાખવા જેવી નાનકડી બાબતમાં પણ ગુરુજી કેવી દૃષ્ટિ આપે ! આમ તો દરેક વખતે ગુરુપૂર્ણિમા હોય ત્યારે દરેક ઝોનમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે વ્હાલા ગુરુજીનું સામૈયું રાખવામાં આવે. ઠાકોરજીને હાર પહેરાવ્યા બાદ સંતો પ્રાર્થના કરી ગુરુજીને હાર પહેરી રાખવા પ્રાર્થના કરે. પરંતુ તા. ૧૬-૭-૨૦૨૫ના રોજ ભાવનગર ગુરુપૂર્ણિમા વખતે ગુરુજીને હાર પહેરાવવા માટે સંતો આવ્યા ને આગ્રહ કરવા લાગ્યા ત્યારે ગુરુજીએ કહ્યું, “અમારે આ હાર ધારણ કરવાની જરૂર નથી. કેમ કે આ હરિકૃષ્ણ મહારાજ છે તે અમારા હૈડાના હાર છે. એ હાર અમે અખંડ ધારણ કર્યો છે. ફૂલનો હાર તો કદાચ કરમાઈ પણ જાય પણ અમારા હરિકૃષ્ણ મહારાજ તો સદાય અમારી સાથે છે. માટે રહેવા દો; બીજા હારની જરૂર નથી.”

ભાવનગર ખાતે હરિભક્તોના સાંસાગોટિલા સ્વીકારી વ્હાલા ગુરુજી રાજકોટ ગુરુપૂર્ણિમા અર્થે પધાર્યા. રાજકોટ ગુરુપૂર્ણિમા વખતે આગમન સમયે સંતોએ પરાણે હાર પહેરાવી દીધો. માંડ એક-બે મિનિટ થઈ હશે ત્યાં તો ગુરુજીએ આગળ નૃત્ય કરી રહેલા યુવકને નામ-ઠામ પૂછવા નજીક બોલાવ્યો. માથે હસ્ત મૂક્યો, રાજીપો આપ્યો ને હાર તે યુવકને પહેરાવી દીધો. આજે હજારો લોકો જે ગુરુજીનાં દર્શન માટે, પૂજન માટે પધાર્યા છે તે ગુરુજીને પોતાનું પૂજન પસંદ જ નથી. આવી અલૌકિક અને આગવી રીત છે મારા પ્યારા ગુરુની !

દર્શન વિભાગમાં સમસ્ત હરિભક્ત સમાજને એક બેઠકે દર્શન આપી સુખિયા કર્યા. અસહ્ય કમરનો દુખાવો હોય કે વિચરણનો થાક લાગ્યો હોય છતાંય હસતા મુખે સર્વે મુક્તોને સુખિયા કરે. પોતાની તકલીફ ક્યારેય જણાવા જ ન દે. આવું સળંગ દસ દસ દિવસ ચાલે. માત્ર વિચાર કરીએ તોપણ મગજ બંધ થઈ જાય. તોપણ એ પુરુષ કેટલો દાખડો કરે ! રાજકોટ ગુરુપૂર્ણિમા પૂર્ણ કર્યા બાદ રાત્રે એક વાગ્યે સ્વામિનારાયણ ધામ પર પરત પધાર્યા.

વ્હાલા ગુરુજીની ડ્રાઇવિંગની સેવામાં રહેલા અર્પણભાઈને પૂછ્યું તો જાણવા મળ્યું કે માત્ર એક દિવસમાં જ (તા. ૧૬-૭-૨૦૨૫, બુધવાર) ગાડી ૬૯૫ કિ.મી. ચાલી હતી. ગુરુજીની સાથે સેવામાં રહેલા મુક્તો થાકીને લોથ થઈ ગયા હોય છતાં ગુરુજી તો એ જ સસ્મિત ચહેરે દરેક મુક્તોના કાલાવાલા સ્વીકારી સૌને રાજી કરતા હોય. આટલો હડદો ખમીને મૂર્તિ આપનારું છે કોઈ ? એક માત્ર મારા ગુરુજી સિવાય મને તો બીજું કોઈ દેખાતું નથી. ગુરુદેવ પ.પૂ. બાપજી ગુરુજી માટે કાયમ કહેતા, “અત્યાર સુધીના ઇતિહાસમાં સદ્‌ગુરુશ્રીઓએ જેટલો દાખડો નથી કર્યો





એથી સવિશેષ દાખડો આ સતસ્વામી કરી રહ્યા છે.''

ધન્ય થયો... ન્યાલ થયો... કૃતાર્થ થયો... આપના જેવા ગુરુવર પામી.

આ વખતે મેં નક્કી કર્યું હતું કે મારે મારા ગુરુજીને નિકટથી નિહાળવા છે અને આ નિકટતા કેળવી ત્યારે મેં જે અનુભવ્યું એ વાત મારે આપને કહેવી છે. હજુ ગઈ કાલના વિચરણનો થાક મને ઉતર્યો નથી ત્યાં તો વ્હાલા ગુરુજી તા. ૧૭-૭-૨૦૨૫ના રોજ વિજાપુરના હરિભક્તોને સુખિયા કરવા તત્પર બન્યાં. તા. ૧૮-૭-૨૦૨૫ના રોજ હિંમતનગર, તા. ૧૯-૭-૨૦૨૫ના રોજ ગુરુકુલ-છાત્રાલયના વિદ્યાર્થીઓ તેમજ તા. ૨૦-૭-૨૦૨૫ના રોજ સવારે વ્હાલા ગુરુજીએ વડોદરા અને સાંજે સુરતના હરિભક્તોને દર્શન-આશીર્વાદ, સમાગમનો લાભ આપી સુખિયા કર્યા. મને વિચાર એ આવે કે હજારો કિ.મી.નું સત્સંગ વિચરણ, અવરભાવનું સ્વાસ્થ્ય, હજારોની સંખ્યામાં હરિભક્ત સમાજને હસતા મુખે દર્શન આપવાં એ નાનીસૂની વાત નથી. માત્ર ને માત્ર આપણને સુખિયા કરવા માટે આ દિવ્યપુરુષ રાત'દી એક કરી નાખે છે. આપણને તકલીફ ન પડે તેવા શુભ હેતુથી પોતે હડદો ખમે છે. સાથે રહેલા મુક્તો તો વારાફરતી સેવામાં જોડાય પણ ગુરુજીનું શિડ્યૂલ તો સવારે ઊઠે ત્યારથી રાત્રે પોઢે ત્યાં સુધી ટાઈટ હોય. અરે, કેટલીય વાર તો બપોરે પોઢવાનો પણ મેળ ન પડે. ખરેખર માની લઈએ તેટલું સહેલું નથી. આ બહુ અઘરું છે. મને વિચાર એ આવે છે કે આટલો બધો દાખડો શાના માટે ? કોના માટે ? જીવને ખપ હશે તો આવશે. એમાં આપને આટલું શું કરવા સહન કરવું પડે ! પણ પછી ગુરુમહિમાના સાગરમાં ડૂબકી મારી તો ખ્યાલ આવ્યો કે કારણ સત્સંગમાં અને એમાંય એસ.એમ.વી.એસ. સત્સંગ સમાજ ઉપર કરુણા તો જુઓ કે આવા પરહિતકારી દિવ્યપુરુષનું સાંનિધ્ય મળ્યું છે.

આ ફેરે તો મોટાપુરુષ સામેથી ભૂખ્યા ને ગરજુ બન્યા છે. હવે આપણે ગરજ બતાવવાની છે. ખરેખર ફાવી ગયા છીએ. બસ, ફાટી ન જઈએ તે ધ્યાન રાખીએ. જો આ વિચાર નિરંતર રહે તો કદી એમની (ગુરુજી) સામે આંખ ઊંચી ન થાય. કદી ગુરુથી દૂર જવાનો કે મન છેટું થવાનો વિચાર પણ ન આવે. સદાય દાસત્વની દુનિયામાં રાચેલા રહેવાય.

તા. ૨૦-૭-૨૦૨૫ ને રવિવારના રોજ વડોદરા તેમજ સુરત ખાતે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ રાખવામાં આવ્યો હતો. તા. ૨૧-૭-૨૦૨૫ના રોજ એકાદશી હતી. વ્હાલા ગુરુજીએ સુરત ખાતે સંકલ્પ સભામાં લાભ આપ્યા બાદ તુરત જ પાસોદરા પાટિયા (સુરત) ખાતે નૂતન સત્સંગ કેન્દ્રમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો લાભ આપ્યો હતો. એકાદશીના દિવસે ગુરુજી માત્ર ફ્રૂટ લેતા હોવાથી જમાડવાનું ન હતું. વળી, આગલી રાતનો થાક પણ હતો. પણ એકાદશીના દિવસે પોઢાય નહિ એ ન્યાયે આટલી અલ્પ આજ્ઞા લોપ્યા વિના એકાંત કરવા લાગ્યા. એટલું જ નહિ, સુરતથી ગાંધીનગર આવ્યા બાદ સાંજે ૬:૩૦થી ૭:૩૦ દરમ્યાન અમદાવાદ તથા ગાંધીનગર ઝોનના મુક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપવા પધાર્યા. ગઈ કાલનો તેમજ આજે આખા દિવસનો એમ સળંગ બે દિવસનો આટલો થાક લાગ્યા બાદ પણ રાત્રે ફરી નિયમચેષ્ટામાં પધારી સૌને સુખિયા કર્યા. આ વાત જ્યારે લખાઈ રહી છે ત્યારે પેન પણ ઊપડતી નથી. શું કહું ? આ દિવ્યપુરુષનો મહિમા શું ગાઉં ? આટલો બધો દાખડો શાના માટે ? આટલાં ભૂખ અને દુ:ખ કોના માટે ? ક્યાં કોઈને પડી છે ? કોણ છે સર્વોપરી નિષ્ઠાની વાત કરનારું ? કોણ છે મહારાજના ગમતા- ન ગમતાનો ખ્યાલ બતાવી રાજીપાના માર્ગે ચલાવનારું ? જો મન-બુદ્ધિના રવાડે ચડી જવાય તો કોણ છે કાન પકડીને પાછું પાટે લાવનારું ? છે કોઈ એવું કે જેના ખોળામાં માથું મૂકીને પેટ છૂટું કરી, મન મૂકીને રડી શકાય ? છે કોઈ એવું કે જેની સાથે મા જેવું હેત કર્યું હોય ? મન સોંપ્યું છે કોઈને ? વ્હાલા ગુરુજી કહે છે, મોટા સાથે મા-દીકરા જેવું હેત કરવું. એનાથી અળગા ન રહેવું તો આપણું ટાણું સચવાઈ જાય. નહિ તો ટાંકો ભિડાઈ જાય. બસ હે ગુરુવર, આપે આપવામાં કાંઈ બાકી નથી રાખ્યું. આપે કરેલા ઉપકારોને અમે ક્યારેય ભૂલી ન જઈએ એવી અમારા પર

આ પાવન પર્વે દયા કરો મારા નાથ, દયા કરો.

આમ, આ સમસ્ત ગુરુપૂર્ણિમા ઉત્સવ દરમ્યાન વ્હાલા ગુરુજીએ તા. ૧૦-૭-૨૦૨૫થી તા. ૨૦-૭-૨૦૨૫ દરમ્યાન દરેક ઝોનમાં પધારી પ્રેમી હરિભક્તોના સાંસાગોટિલા સ્વીકારી તેમના પર રાજીપો વરસાવ્યો. ઝોનવાઇઝ ગુરુપૂર્ણિમા ઉત્સવનો લાભ લઈ ધન્ય બનેલા મુમુક્ષુઓની આંકડાકીય માહિતી અત્રે રજૂ કરેલ છે. તદુપરાંત આ પાવન પર્વ નિમિત્તે સમસ્ત એસ.એમ.વી.એસ. સત્સંગ સમાજનાં પુરુષો-મહિલાઓ તથા બાળ-બાલિકાઓએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તેમજ વ્હાલા ગુરુજીને રાજી કરવા માટે જે સાધનો કર્યાં તેની પણ યાદી રજૂ કરેલ છે. વ્હાલા ગુરુજીએ આ તમામ તપસ્વી મુમુક્ષુઓ પર રાજીપો વરસાવેલ છે.

## ગુરુપૂર્ણિમા પ્રતીક ઉત્સવ સમરી રિપોર્ટ

| તારીખ | સેન્ટર | ટોટલ સંખ્યા પ્રત્યક્ષ+ઑનલાઈન | એક દિવસનો યાત્રા પ્રવાસ | હરિભક્તોને વિચરણ સાથે દર્શન દાન |
|---|---|---|---|---|
| ૧૦-૭-૨૦૨૫ | વાસણા | ૭૩૪૫૮ | ૧૭૫ કિ.મી. | આરામ કર્યા વિના સળંગ ૧૭ કલાક |
| ૧૦-૭-૨૦૨૫ | મહેસાણા | ૧૫૦૭૩ | | |
| ૧૨-૭-૨૦૨૫ | દુબઈ, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ | ૪૧૨ | - | ૧૦ કલાક |
| ૧૨-૭-૨૦૨૫ | મોડાસા | ૩૭૦૦ | ૧૭૮ કિ.મી. | |
| ૧૩-૭-૨૦૨૫ | ગોધર | ૩૩૩૪૨ | ૨૭૪ કિ.મી. | ૮ કલાક |
| ૧૪-૭-૨૦૨૫ | સુરેન્દ્રનગર | ૨૦૦૦ | ૪૯૩ કિ.મી. | આરામ કર્યા વિના સળંગ ૧૮ કલાક |
| ૧૪-૭-૨૦૨૫ | મોરબી | ૪૧૦૦ | | |
| ૧૬-૭-૨૦૨૫ | ભાવનગર | ૧૯૩૦ | ૬૯૫ કિ.મી. | આરામ કર્યા વિના સળંગ ૧૮ કલાક |
| ૧૬-૭-૨૦૨૫ | રાજકોટ | ૨૯૬૬ | | |
| ૧૭-૭-૨૦૨૫ | વિજાપુર | ૪૦૧૯ | ૯૨ કિ.મી. | ૮ કલાક |
| ૧૮-૭-૨૦૨૫ | હિંમતનગર | ૨૩૦૦ | ૧૨૬ કિ.મી. | ૮ કલાક |
| ૧૯-૭-૨૦૨૫ | ગુરુકુલ, છાત્રાલય | ૫૭૦ | - | ૨ કલાક |
| ૨૦-૭-૨૦૨૫ | વડોદરા | ૪૦૩૫ | ૫૪૯ કિ.મી. | ૧૪ કલાક |
| ૨૦-૭-૨૦૨૫ | સુરત | ૯૦૦૦ | | |
| | **ટોટલ** | **૧૫૬૫૨૩** | **૨૫૮૨ કિ.મી.** | **૯૦ કલાક** |

## ગુરુપૂર્ણિમા નિમિત્તે ત્યાગી-ગૃહી સમાજે વ્હાલા ગુરુજીને રાજી કરવા માટે કરેલ સાધનની યાદી

| | | | |
|---|---|---|---|
| મંત્રલેખન | ૨,૪૪,૫૨,૮૫૫ નામ | દંડવત + પંચાંગ પ્રણામ | ૩૨,૦૬,૮૪૮ |
| પ્રદક્ષિણા | ૨૦,૯૬,૨૪૦ | માળા | ૧૨,૦૩,૮૧૮ |
| પ્રાર્થના | ૪,૧૪,૩૦૦ વખત | લિક્વિડ સાથે ઉપવાસ | ૫૧,૯૦૦ કલાક |
| મૌન વ્રત | ૨૬,૯૧૬ કલાક | વિડિયો શેરિંગ | ૨૨,૦૬૭ |
| નકોરડા ઉપવાસ | ૧૫,૭૬૮ કલાક | ધ્યાન | ૪૯૯૨ કલાક |
| પ્રસંગ વાંચન | ૪૬૩૯ પ્રસંગનું વાંચન | ગુણાનુવાદ | ૪૫૮૦ કલાક |
| પરભાવનો વિચાર | ૨૪૫૪ મુક્તોને વિષે | ફ્રૂટ સાથે ઉપવાસ | ૨૧૧૨ કલાક |
| રટણ ટૂલ્સ | ૧૩૨૦ વખત | ત્રાટક | ૧૦૮૪ કલાક |
| નિર્જળા ઉપવાસ | ૧૦૫૬ કલાક | મહામંત્ર ધૂન | ૧૦૦૪ કલાક |
| પારાયણ | ૧૮૫ | પોતાની મનગમતી વસ્તુનો ત્યાગ | ૧૪૪ મુક્તો |

અધ્યાત્મના સર્વોચ્ચ સુમેરુ એવા સૌના વ્હાલા ગુરુજીનું પૂજન કરવા સૌ તત્પર બન્યા હતા. સૌ મુક્તો ગુરુપૂજન કરતી વખતે ગુરુજીએ વહાવેલી કૃપાવર્ષામાં ભીંજાયા હતા. એ કૃતજ્ઞ હૃદયોમાંથી જે કાંઈ ઊર્મિઓ સરી હતી તે આગામી લેખમાં આલેખી છે.

# કૃતજ્ઞ હૃદયો

મારી આંતર ઊર્મિઓ તો મેં તમને કહી પરંતુ આ પર્વે સંતો–ભક્તોનું અંતર ગુરુઋણ–ગુરુમહિમાથી ઊભરાઈ પત્રો દ્વારા છલકતું હોય છે તો આ પર્વે બાળકો, વડીલો તથા સંતોએ ગુરુજી દ્વારા પોતા પર થયેલા અનંત ઉપકારો પત્રોરૂપી ભાવઉદ્‌ગારો દ્વારા વ્યક્ત કર્યા છે. જેમાંથી કેટલાક અંશો અત્રે પ્રસ્તુત કરી રહ્યો છું. મને તો એ પત્રો વાંચી ખૂબ આનંદ થયો. આશા છે કે આપ પણ એનો અનુભવ માણી સુખિયા થશો :

## વ્હાલા ગુરુજીના ચરણે સમર્પિત સંત હૃદયોના પોકાર



આજે મહારાજ ને ગુરુજીના ચરણોમાં ૧૦૦થી વધુ સમર્પિત સમાજ અર્પિત થઈ કૃતાર્થ જીવન જીવી રહ્યો છે. આવા ગુરુજીના વ્હાલા સંતોનાં હૃદય ગુરુકૃપાથી-ગુરુમહિમાથી કેવાં ઊભરાઈ રહ્યાં છે તે આવો, એમના જ પત્રોના અંશોમાંથી નિહાળીએ...

હે મારી વ્હાલી મા,

હે મારી વ્હાલી ગુરુમા,

હે દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજી,

આપશ્રીના ચરણકમળમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ સેવકના ખૂબ સ્નેહભર્યા જય સ્વામિનારાયણ. દયાળુ, રાજી તો છો ને ! સદાય રાજી રહેજો.

આપશ્રીને પ્રાર્થનાપત્રમાં કયા નામથી સંબોધન કરવું ?? એનો ખ્યાલ આવતો નથી. જો માત્ર ‘મા’ જ કહું તો આપની સાથેનો લૌકિક સંબંધ થયો. પરંતુ આપશ્રીનું મારા પર જે આત્મસંબંધી ઋણ છે તે જોતાં ‘મા’ શબ્દ ટૂંકો પડે. તો કદાચ ‘ગુરુમા’ કહું. પરંતુ આપનો અને મારો નાતો માત્ર ગુરુ-શિષ્યનો જ નથી. આપ માત્ર આ જન્મમાં જ નહિ, ચાર ચાર જન્મોથી મારું જતન કરતા આવ્યા છો. અર્થાત્ આપ માત્ર ગુરુ જ નથી; આપ તો મહારાજના સંકલ્પથી આ બ્રહ્માંડમાં વિચરતું સ્વરૂપ છો. તેથી આપને મા કે ગુરુમા કહેતાં પણ સંકોચ અનુભવાય છે. તો શું આપને ‘સત્પુરુષ’ શબ્દથી સંબોધું ?? કાંઈ ખબર પડતી નથી. પણ આપશ્રી તો મારું સર્વસ્વ છો.

ગુરુજી, આજે ગુરુપૂર્ણિમાના પ્રસંગે પૂજન કરતાં મારા ભૂતકાળમાં સરી પડ્યો હતો. મારી સત્સંગની શરૂઆત યાદ આવી.

સત્સંગમાં આવ્યો ત્યારે ગુરુદેવ થકી સાંભળેલું કે, “મહારાજની નિષ્ઠા દૃઢ થઈ ગઈ પછી કાંઈ કરવાનું બાકી રહેતું નથી.” તેથી આ આળસુને સત્સંગ ગમ્યો. કારણ, કાંઈ કરવાનું તો નહીં. પણ આપશ્રી તો ‘બીજું નહિ આટલું જ કરો’ એમ કહી કહીને ક્રમશઃ એક પછી એક ગુણની દૃઢતા કરાવતા રહ્યા.

ગુરુજી, હું પંચવિષયના સુખમાં રખડતો, મોક્ષ માર્ગમાં ભટકતો, જીવનમાં પળે પળે અટકતો હતો. આવા દુઃખી અને અનાથ બાળકને આપના દ્વારા શ્રીજીમહારાજનો સંકલ્પ મળ્યો.

તા. ૭ જુલાઈ, ૨૦૦૭ના ગુરુપૂર્ણિમાના મહામંગલકારી એ દિનનું આપનું વચન આજે પણ કર્ણપટ પર ગુંજે છે. મને એકાંતે બેસાડી આપે સંકલ્પ આપેલો, “મહારાજ તને સી.એ. બનાવી આલોકની પેઢી ચલાવવા લાવ્યા નથી. કારણ સત્સંગની પેઢી

ગુરુનું સાંનિધ્ય નથી ગમતું તેને ગુરુ મહિમાનો સદંતર અભાવ છે.





ચલાવવા લાવ્યા છે. આ વચન પર વિશ્વાસ રાખજે."

આપના વચન પર વિશ્વાસ રાખી એક ડગલું આગળ વધ્યો તો આપ હજાર ડગલાં મારી સામે ચાલ્યા.

ગુરુદેવ દ્વારા મહારાજે દીક્ષા આપી, આપે વર્તમાન ધરાવ્યાં. હું દેહ રૂપે વર્તતો હતો અને આપે દોષોનો ભાર લઈ લીધો. અનંત જન્મમરણના ક્રમિક ચક્રને તોડી કર્મપાશથી છોડાવ્યો !! ગુરુજી, આપ ન મળ્યા હોત તો !! આ કલ્પના પણ ધ્રુજાવી નાખે છે. બસ, આજના દિને તો એક જ વાત કહેવી છે કે, ગુરુજી, આપ મળ્યા એટલે હું બહુ ફાવી ગયો. હવે મારે કાંઈ મેળવવાનું બાકી નથી. સૌ કોઈ આપના દિવ્ય ગુણોથી અંજાય છે. આપ અમારા ગુરુસ્થાને છો છતાં આપ સૌના દાસ બનીને જ વર્તો છો. આપનો મહિમા શું અને કેટલો કહેવો આ મુખે !! ગુરુજી, આપ તો આપ જ છો !! અનંતકોટિ બ્રહ્માંડોમાં આપની જોડ ન મળે ગુરુજી !

પ્યારે ગુરુજી રિશ્તા જુડા હૈ આપ સે અભંગ;
કભી ના મિટે કભી ના બિસરે યે રિશ્તા અભંગ,
કૃપા અતિ અતિ બહાઓ આપ હી હો મેરી ગુરુ મૈયા;
કૈસે ઋણ અદા કરે આપ કી અજીબ કૃપા ગુરુ મૈયા,
અંતર કા રાજીપા હી પાના હૈ એક હી બિનતી હૈ હમરી;
નીંદ ઉડા દો અબ દેહભાવ કી એક હી આરજૂ હૈ હમરી.

આ ગુરુપૂર્ણિમા નિમિત્તે મારી પરના આપના અનંતાનંત ઉપકારોને, આપે મને સત્સંગમાં અને દિવ્ય સંતસેનામાં કેવી રીતે ખેંચી લીધો એ સ્મૃતિને તથા આપે મૂર્તિમાં ઠસાવી દીધાના કોલને સ્મૃતિપટ પર લાવતાં આંખો ભીની થઈ આવે છે અને હૃદય પોકારી ઊઠે છે...

ગુરુ તારી કરુણા ઘણી...

•••

ગુરુપૂર્ણિમાએ ગુરુપૂજન સ્વીકારો, મારી પ્રાર્થના છે આજે;
કરું છું કાલાવાલા સ્વીકારજો, વ્હાલા સુખિયા કરવા કાજે.

**હે ગુરુજી, મારી વ્હાલી મા**

**મા જે જન્મ આપે :** ભાગવતી દીક્ષા આપી, વર્તમાન ધરાવી અનાદિની પદવી આપી મને નવો જન્મ આપ્યો હોય તો ગુરુજી આપે.

**મા જે જીવન આપે :** જીવનું જીવન તો મહારાજ છે. એમની જેમ છે તેમ ઓળખાણ કરાવી, પ્રાપ્તિ કરાવી હોય તો ગુરુજી આપે.

**મા જે પ્રેમ આપે :** જગતની મા તો શું પ્રેમ આપે ? નિઃસ્વાર્થ વાત્સલ્ય સાગરમાં મને ડુબાડ્યો હોય તો ગુરુજી આપે.

**મા જે પરિવર્તન આપે :** પ્રેરણામૂર્તિ બની, પથદર્શક બની પળે પળે જીવનને પરિવર્તન તરફ પ્રેર્યું હોય તો ગુરુજી આપે.

**હે ગુરુજી, પ્રીતિ તો આપે કરી**

મને છાતીએ ચાંપ્યો, ગમે તેવો છતાં 'વ્હાલો દીકરો' કહી પોતાનો કર્યો !!

ગુરુજી, પ્રીતિ તો આપે કરી...

મારી આંખોનાં આંસુ આપે આપના નેત્રોમાં ભર્યાં ને મને સદા હાસ્ય જ આપ્યું !

ગુરુજી, પ્રીતિ તો આપે કરી...

મારા વાંક-ગુના, દોષ-અપરાધને કદી ન તો જોયા, ન મને પણ જોવા દીધા !!

ગુરુજી, પ્રીતિ તો આપે કરી...

મારા જીવનથી હું હારી, થાકી ગયો પણ આપ તો શ્રદ્ધાનો સાગર, શ્રદ્ધાની એક બુંદ પણ ઓછી ના થવા દીધી !!

ગુરુજી, પ્રીતિ તો આપે કરી...

આપ પરભાવી પુરુષ !! આપ આવા અવરભાવમાં હોવ જ ક્યાંથી ? છતાં આપ મારી ખાતર અનંત અવરભાવનાં દુઃખ, દાખડા, અપમાન સહ્યા જ કરો છો !!

ગુરુજી, પ્રીતિ તો આપે કરી...

**હે ગુરુજી, જો મને આપની સાથે પ્રીતિ થઈ જાય !! તો...**

માયિક ઇન્દ્રિયો-અંતઃકરણ, માયાનો ભાવ ભૂલે,
તપ-વ્રતથી જે કદી ના થાય, તે સુખનું દ્વાર સહજમાં ખૂલે;
બીજું તો ઝાઝું શું કહું ગુરુજી, જો પ્રીતિ આપ સંગ થાય,
અવરભાવનો પડદો ના રહે, ને કરવાનું છે તે થઈ જાય.



સંસારરૂપી ભવસાગરથી શિષ્યને તારનાર નાવિક એટલે ગુરુ.

**હે ગુરુજી, આપ સંગ પ્રીતિ કરવા...**

પ્રાર્થના એક અકસીર ઉપાય, તેને પ્રથમ રાખીશ,
વાતો કરી કગરી પડીશ, બળની ભીખ સદા માગીશ;
વાંચીશ આપને, ભણીશ આપને, ગમતું આપનું કરીશ,
મારીશ મનને, ટાળીશ તનને, જતન આપનું કરીશ;
આપથી જ કાર્ય, આપથી જ ક્રિયા, જીવન આપથી છે સઘળું,
માલિક આપ, નાવિક આપ, અસ્તિત્વ આપમાં ઓગાળું;
રોલ મૉડલ છો સદા મારા, ગુરુદેવ સંગ આપ કેવું રહ્યા !!
વર્તને ઉતારી, ભીતરે ધારી, પા પા પગલી માંડી અમે રહ્યા;
આપ તુલ્ય કે આપથી અધિક, કેમેય કરી કોઈ હોય,
આપનો તે મારા માથાનો મુગટ, બીજા તે શ્વાન વિષ્ટા સોય;
આપનું સઘળું મારું કરું, કરાવું આપ અંતરે હાશ,
બળ દેજો ગુરુજી હું યાચું, ગુરુપૂર્ણિમાએ દાસની છે આશ.

વ્હાલા ગુરુજી, ગુરુપૂર્ણિમા અવસરે સેવકના કોટાનકોટિ વંદન સ્વીકારજો...

●●●

હે મારા વ્હાલા ગુરુજી,

નથી શબ્દો મુખના, જે આપને ગાઈ શકે,
નથી બુદ્ધિ મનની, જે આપને માપી શકે;
નથી દૃષ્ટિ આતમની, જે આપને પિછાની શકે,
નથી કૂણાશ હૃદયની, જે આપને પ્રાર્થી શકે.

છતાં આ ગુરુપૂર્ણિમા અવસરે સેવકની ભાવોર્મિઓનો સ્વીકાર કરજો.

ગુરુજી, આપની મારા પરની અનંતાનંત કરુણા છે. તેમાંથી એકાદ કરુણાનું સ્મરણ પણ મને ગદ્‌ગદિત કરી જાય છે. જ્યારે જ્યારે મેં પરિધાન કરેલ ભગવાં વસ્ત્રો પર નજર નાખું ત્યારે આપે વહાવેલી કરુણાના વિચારમાં ડૂબી જવાય છે. હું ક્યાં હતો અને આપે ક્યાં લાવીને બેસાડી દીધો !! એ પણ કેવી કરામતથી !!

આ ગુરુપૂર્ણિમાના દિવ્ય અવસરે આપના દિવ્ય ચરણોમાં એક જ પ્રાર્થના છે. આપે મને ખેંચ્યો છે તો બસ...

તૂટવા ન દેશો, છૂટવા ન દેશો,
સાધના માર્ગે, ક્યાંય અટકવા ન દેશો;
આપના સંગમાંથી, ક્યાંય છટકવા ન દેશો,
દેહભાવની ખાઈમાં, લપસવા ન દેશો;
મૂર્તિમાંથી બહાર કદી, ઊપસવા ન દેશો.

●●●

હે વ્હાલા ગુરુજી, રાજી રહેજો, જય સ્વામિનારાયણ.

આપના દિવ્ય ચરણકમળમાં સેવકના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

ગુરુજી, આપ તો દરિયો છો ! માતૃવાત્સલ્ય સ્નેહનો દરિયો, પ્રેમનો દરિયો, ઉદારતાનો દરિયો, પરહિતનો દરિયો. સેવક ત્યાગાશ્રમમાં આગળ વધ્યો ત્યારબાદ સેવકને આપના માતૃવાત્સલ્યની ચરમસીમાનો જે અનુભવ થયેલો તે કહેતાં ગદ્‌ગદ થઈ જવાય છે.

કોટિ જનનીનાં હેત લાજે આપના માતૃવાત્સલ્ય સ્નેહ આગળ. મારી વ્હાલી મા ગુરુજી, અધ્યાત્મ જતનની સાથે સાથે આપે મારું શારીરિક જતન પણ પળે પળે રાખ્યું છે ને રાખી રહ્યા છો. ગુરુજી, આજથી ત્રણ-ચાર વર્ષ પહેલાં સેવકની તબિયત વધારે કથળેલી. સેવકને હૉસ્પિટલાઈઝ કર્યો હતો. મને યાદ છે ગુરુજી, આપ એક પણ દિવસ મને વિડિયો કૉલ દ્વારા વાત કરવાનું ચૂક્યા નથી. ‘સ્વામી, કેવું છે ?’ ‘સ્વામી, આરામ કરજો.’ ‘સ્વામી, કંઈ તકલીફ હોય તો કહેજો.’ ‘સ્વામી, સાચવજો.’ ‘સ્વામી, લિક્વિડ લેજો.’ કહી મારી કેવી ચિંતા કરતા !?

એથી આગળ કહું તો ગુરુજી, સેવક હૉસ્પિટલમાંથી સંત આશ્રમમાં શિફ્ટ થયો ત્યારે મેડિકલ રૂમમાં આરામ માટે મને રાખેલો. આપને બપોરે જમાડવા આવવાનો સમય થયો. આપ રસોડામાં પધારો એ પહેલાં રસ્તામાં આવતા મેડિકલ રૂમ બાજુ આપના ચરણ ઊપડ્યા. આપ અંદર પધાર્યા. તે જોઈ હું બહુ રાજી થઈ ગયો કે ગુરુજીનાં દર્શન થઈ ગયાં. પરંતુ ગુરુજી, આપ તો હળવેથી મારી બાજુમાં આવી બિરાજી ગયા અને મારા માથા પર હસ્ત ફેરવતાં ફેરવતાં મને ખબર પણ ન પડે તે રીતે મારું માથું દબાવવાની સેવા કરવા લાગ્યા અને કહેવા લાગ્યા, “સ્વામી, આ સેવાનો લાભ મળે ક્યાંથી ? સ્વામી, લાવો તમારા ચરણ દબાવી દઉં.” કહેતાં આપ તો ઊભા થઈ ચરણ તરફ પહોંચી ગયા. સેવક ના... ના... કરતો રહ્યો અને આપે પગ દબાવવાની સેવા પણ કરી.

ગુરુજી, એ વેળાએ સેવક બહુ રડી પડેલો કે આપે ગુરુ થઈ ક્યારેય અમને આપના મસ્તક કે ચરણની સેવા આપી નથી, આપતા નથી અને આપે ગુરુ થઈ મારા જેવા નાના શિષ્ય સંતની ચરણ-મસ્તકની સેવા આરંભી !! પરંતુ ગુરુજી, આપનામાં એ વખતે મને અપાર માતૃવાત્સલ્યનાં દર્શન થયેલાં જે કદાપિ ભૂલી શકાય તેમ નથી. આજે ગુરુપૂર્ણિમા નિમિત્તે આ પ્રસંગને યાદ કરતાં, લખતાં એ જ અહોભાવમાં ડૂબી જવાય છે કે,

આહાહા... મળી મુજને આતમ જનની,
કરે જતન દેહ તણું પણ મા મુજની...

હે પ્રાણપ્યારા મારા વ્હાલા ગુરુજી...

ગુરુપૂર્ણિમાએ આપના અનંત ઉપકારોમાં ડૂબવાનો દિવ્ય અવસર પ્રાપ્ત થયો છે ત્યારે એટલું જ કહીશ કે,

અપાર કરુણા વહાવી છે આપે,
સમજાતું નથી દયાળુ, આ કયા નાતે;
છતાં વણાઈ છે અંતર સાથે,
કેમ કરી કથું, આ મુખથી જાતે;
નથી જોયું કદી અવરભાવ સામે,
હતો અવરભાવ, જાણે અમાસ ભાસે;
તોય પ્રેમાળુ, તોય કૃપાળુ,
પૂર્ણ ચંદ્ર સમ, મુને રાખ્યો છે પાસે.

•••

હે મારું જીવન વ્હાલા ગુરુજી,
જીના હૈ યે જીવન આપ કે વાસ્તે,
ફના હો જાયેંગે હસતે હસાતે,
યોગ હુઆ હૈ ઈસે કભી ન છોડેંગે,
હરપલ સાથ રહેના યે દુઆ હી ચાહેંગે,
કૃપા બરસાઓ, કૃપા બરસાઓ,
કૃપા સે હુઆ હૈ મેરા જીવન પરિવર્તન.

•••

**ગુરુજીના દિવ્ય સાંનિધ્ય અને દિવ્ય સંગાથમાં જીવનની યાત્રા કાપીને જીવન સંધ્યાએ પહોંચેલા વડીલો હરખભેર ગુરુજીએ કરેલા ઉપકારોનું ગાન કરે છે. એમાંના એક વડીલના અંતરના ઉદ્‌ગારો જોઈશું.**



હે મારા પ્રાણથી પ્યારા વ્હાલા ગુરુદેવ તથા મારા વ્હાલા ગુરુજી, આપના દિવ્ય ચરણોમાં સેવકના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ ખૂબ ખૂબ પ્રેમભર્યા જય સ્વામિનારાયણ. દયાળુ, રાજી રહેજો. ગુરુપૂર્ણિમા અવસરે સેવકની પ્રાર્થના સ્વીકારજો.

દયાળુ, આપ તો મારા જીવનને જાણો છો. સત્સંગ પહેલાંનું મારું જીવન એટલે જાણે જોબનપગી જ જોઈ લ્યો ! ન કરવાના બધા ધંધામાં હું સામેલ થતો. મારો એવો ગુસ્સાવાળો સ્વભાવ કે કોઈની સામે દબાતો નહીં. એક વખત પચ્ચીસ પોલીસ ઑફિસરોએ ઘેરેલો તો તેમાંથી બે-ત્રણને તો મેં મારેલા પણ ખરા. રાજકારણી હોય કે DI પોલીસ ઑફિસર બધાની સામે તડફડ કરી દેતો પરંતુ દા'ડા મારા પલટાયા જ્યારથી ગુરુદેવ અને આપ મળી ગયા.

ગુરુજી, મને ગુરુદેવનો અને આપનો કોઈએ બહુ અભાવ ઘાલેલો કે ત્યાં ન જવાય. મને આજે પણ યાદ છે, નરોડા ખાતે બંને સ્વરૂપો સભા અર્થે ઘણી વાર પધારતાં. મને સભામાં આવવા માટે પચ્ચીસથી પણ વધુ વખત આમંત્રણ આપવામાં આવેલું, પણ હું સભામાં નહોતો આવતો. એક વખત ઝોળીસેવા અર્થે પૂ. સંતો મારા આંગણે પધાર્યા. મારી સાથે બેસી આપના મહિમાની વાત કરી તે દિવસથી મારો કારણ સત્સંગમાં પોઈન્ટ પડી ગયો. આપના ગુણોનું આચમન કરી મહિમાથી ભીંજાઈ જતાં અંતરમાંથી આપના અભાવની ઊલટી થઈ ગઈ.

ગુરુજી, ગુરુદેવે મને એક વખત ઘનશ્યામનગર મંદિરે પોતાના આસને એકાંતે બોલાવી ધબ્બો મારેલો તે દિવસથી મારા જીવનનું પરિવર્તન થઈ ગયું. ગુસ્સો ગયો. કોઈ તમાશામાં ભેગો ભળવા જઉં કે તરત વિચાર આવે કે, 'હું હવે કોણ છું ? કોનો શિષ્ય છું ? હું કંઈ કરીશ તો મારા ગુરુનું નામ ખરાબ થશે.' આ વિચારે ધીમે ધીમે ગુસ્સો સાવ નહિવત્ થઈ ગયો. ગુરુજી, આપ નરોડા મારા ઘેર રાત રોકાયેલા અને સવારે મને આપે પૂછ્યું, ''શું

કરો છો હરિભાઈ ?'' મેં કહ્યું, ''ધંધા કરું છું જુદા જુદા.'' આપે મને સંકલ્પ આપેલો, ''ધંધા તો બીજા બધા કરશે. રોટલાય મળશે. આ બધું કરવા આપણે નથી આવ્યા. મહારાજ સેવા કરવા લાવ્યા છે.'' આપનું વચન જીવમાંથી મનાઈ ગયું. તે દિવસથી ધંધા બંધ કરી કારણ સત્સંગની સેવામાં જોડાઈ ગયો છું.

ગુરુદેવ મને કાયમ વિચરણમાં સાથે લઈ જતા. મને યાદ છે ગુરુજી, એક વખત ગુરુદેવે રોડ પર મારી રાહ જોતાં ગાડી ઊભી રાખેલી. અમે ૧૬ જણ હતા એમાં હું એક જ નહોતો આવ્યો. છતાં સમય કરતાં આગળ ચાલનારા ગુરુદેવે મારા માટે થઈ પંદર-વીસ મિનિટ રાહ જોયેલી. મને ગુરુદેવ અને આપનો ખૂબ પ્રેમ મળ્યો છે.

ગુરુજી, ગુરુદેવ અને આપમાં મને હંમેશાં દિવ્યભાવનાં જ દર્શન થાય છે. આજેય આપનાં દર્શન કરું તો અહોહોભાવમાં ડૂબી જઉં છું કે ક્યાં હતો ને આપે મને ક્યાં લાવી દીધો !! મને વાઘમાંથી ગાય કરી દીધો !! જીવમાંથી મુક્ત કરી દીધો !!

ગુરુજી, આપના માટે હવે શું ન થાય ? ગુરુપૂર્ણિમાએ અંતરનો એક જ અવાજ છે ગુરુજી...

આપના અર્થે આ જીવન કુરબાન છે ગુરુજી !!
આપને જ એક વફાદાર છું ગુરુજી !!
આપના વચને સર્વસ્વ ન્યોછાવર છે ગુરુજી !!
આપનો જ એક સદાયનો ઋણી છું ગુરુજી !!

લિ.
સદાય આપનો વફાદાર સેવક

**ગુરુજીની કૃપાવર્ષામાં ભીંજાયેલ અનેક યુવકોમાંના એક યુવકની આંતરવીણાના સૂર અહીં રેલાવ્યા છે. આવો તેને માણીએ...**



હે મારા વ્હાલા ગુરુજી, ગુરુપૂર્ણિમાના દિવ્ય દિને આપની કથાવાર્તાનો લાભ લેતી વેળાએ આપે જણાવેલું કે અમે ગુરુદેવને કેટલા miss (યાદ) કરીએ છીએ. સભા પૂર્ણ થયા બાદ નિકટ દર્શન કરી સેવામાં જોડાયો પરંતુ મારું હૃદય આપ સાથેની મારી યાદોથી ઊભરાઈ આવ્યું.

ગુરુજી, આપ વગરનું જીવન મેં જોયું જ નથી. આપના ખોળામાં જ ઊછર્યો ને આપની ગોદમાં જ મારા સુખની સરિતા વહે છે. વાસણા રહેતા ત્યારે ત્રીજા ધોરણમાં ભણતો. સ્કૂલથી છૂટી સીધો જ દફ્તર લઈ વાસણા મંદિરે વ્હાલી મા આપની પાસે પહોંચી જતો. થોડી વાર મંદિરના કેમ્પસમાં રમતો. પછી આપ હળવેથી પૂછતા, ''શું ભણ્યા ? શું લેસન આપ્યું ?'' આપ મારી નોટબુક ચેક કરતા અને પછી પાસે બેસી ભણાવતા. સંધ્યા આરતીનાં દર્શન પછી ગુરુજી, આપ જ મને ખૂબ વ્હાલથી પીરસતા. આપના હસ્તની એ ખીચડી, છાશ ને ઢોકળાં આજેય યાદ આવે છે. ગુરુજી, આપ અને ગુરુદેવ કાયમ મોટા ભાઈને 'લાલો' અને મને 'ભૂરિયો' કહીને બોલાવતા.

પિતાશ્રીનું સાંનિધ્ય નાનપણથી જ ગુમાવેલું પરંતુ ગુરુદેવે અને આપે મારાં માબાપની બેવડી ભૂમિકા ભજવી છે. I still remember... ઈ.સ. ૧૯૯૮ની સાલમાં સેવકના પરિવારની આર્થિક પરિસ્થિતિ દુર્બળ હતી. ભાડાનું મકાન લેવું હતું પરંતુ ક્યાં લેવું ? કોને વાત કરવી ? હું સીધો આપની પાસે દોડી આવ્યો. શિષ્યએ ગુરુના સુખે સુખી અને દુઃખે દુઃખી થવાનું હોય. જ્યારે અહીં તો અવળી ગંગા આપે વહાવી ગુરુજી !! આપ મારા દુઃખે દુઃખી હોય એમ તરત બાબુભાઈ ઠક્કરના પિતાશ્રીને બોલાવી

તેમના મકાનમાં ઉપર એક રૂમ હતી તે મને ભાડે આપવાની ભલામણ કરવા લાગ્યા. આપ નિઃસ્વાર્થભાવે અમારી પળ પળની ચિંતા રાખતા આવ્યા છો.

ગુરુજી, માત્ર દેહની નહિ મારા આત્માની જનની બની અધ્યાત્મ માર્ગે પણ આગળ વધારતા રહ્યા છો. મને યાદ છે એક વખત સભામાં આપે પૂછેલું, "કોણ કોણ બજારનું જમાડો છો ?" પ્રશ્ન પુછાતાં અંદરથી તો થોડી વાર બીક લાગી ગઈ. કારણ, હું સગાંસંબંધી, મિત્રોની મહોબતમાં લેવાઈને બજારનું જમતો હતો. તેથી ડરતાં ડરતાં ઊભો થયો કે આપને કેવી રીતે મુખ બતાવીશ ? આપે જ્યાં મને ઊભો થયેલો જોયો એટલે તરત બોલ્યા, "અલ્યા ભૂરિયા તું ? ન ચાલે. મહારાજ રાજી ન થાય. આજથી જ બંધ." આપની એ વખતની દૃષ્ટિ અને વચને સેવકને વીંધી નાખેલો. આપના સંકલ્પને અધ્ધરથી ઝીલવાનું એવું ઍનર્જેટિક ટૉનિક મળી ગયું. બસ, એ દિવસથી બહારનું જમવાનું છોડ્યું એ છોડ્યું; ફરી વિચાર નથી આવ્યો.

ગુરુજી, આપે માત્ર મારા નહિ, મારા જેવા અનેક યુવાનોનાં મન-ઈન્દ્રિયો-અંતઃકરણ પર જબરજસ્ત લગામ રાખી છે. અમને મનની ગુલામીમાંથી મુક્ત કરી મહારાજના રાજીપાનાં પાત્ર બનાવ્યાં છે. આપના ચરણે સો સો માથાં ધરીએ તોય ઓછું છે. ગુરુજી, સદાય આપની અમીદૃષ્ટિમાં રાખજો. સદાય દેહભાવરૂપી કુસંગથી રક્ષા કરજો. મારા પરિવાર પર સદાય રાજી રહેજો. આપના ચરણોમાં સેવકના કોટિ કોટિ પ્રણામ ગુરુજી !!

આપનો ભૂરિયો

**'કિશોરો અમારું હૃદય છે.' આવું વારંવાર ઉચ્ચારતા વ્હાલા ગુરુજી આજે અનેક કિશોરોના હૃદય સિંહાસનમાં બિરાજી ગયા છે. આવા અનેક કિશોરોમાંના એક કિશોરનું હૃદય બોલે છે...**



ગુરુ કે બિના જ્ઞાન નહિ, જ્ઞાન કે બિના કુછ નહિ, ભટક જાતા હૈ જબ ઈન્સાન, તબ ગુરુ હી દેતે હૈં જ્ઞાન;
મહારાજ કે બાદ અગર કોઈ હૈ તો વો આપ હો ગુરુજી !!

વ્હાલા ગુરુજી, દયાળુ જય સ્વામિનારાયણ, રાજી રહેજો. ગુરુપૂર્ણિમાના દિવસે આપનાં દર્શન કરવા લાઇનમાં ઊભો હતો ત્યારે અંતરમાં આપના મારી પરના અનંતાનંત ઉપકારોની રિલ્સ સ્મૃતિપટ પર પસાર થવા લાગેલી. ગુરુજી, સત્સંગમાં આવ્યા પૂર્વે દર્શન, ઉપવાસ, ભજન, ધૂન બધું જ કરતો હતો. પરંતુ હવામાં ગોળીબાર કરવા જેવું હતું. કોને રાજી કરવા આ બધું કરતો ?? કયા ભગવાનને પામવા આ બધું કરતો ?? તેની મને જ ખબર નહોતી. જેને જોઉં તેને માથું નમાવી તેનો ભગત બની જતો. વ્યભિચારિણી ભક્તિમાં ગોથાં ખાતો હતો. પરંતુ કેવું નિમિત્ત ઊભું કરી દીધું આપે !!

"પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળિયા રે ત્યારે."

પૂર્વજન્મનાં કંઈક સુકૃત ઉદય થયાં હશે ને મને મહારાજ મળી ગયા !! મહારાજ મળવા એ ક્યાં સરળ વાત છે ? ગુરુજી, મને તો આપ મળી ગયા એ મોટી વાત છે. આપ મળ્યા એટલે મહારાજ મળ્યા. મારી એકનિષ્ઠા થઈ આપના સમાગમે. ગુરુજી, આપે મારાં સાલિયાણાં બંધ કરાવી દીધાં. મારા મોક્ષનું દ્વાર ખોલી આપ્યું. મને સુખનું સરનામું બતાવી દીધું. મારી પરભાવની માત બની સાચા બાપને તો

ઓળખાવ્યા, પરંતુ મારી આ લોકની ચિંતાય સગી મા કરતાં આપે વિશેષ રાખી છે દયાળુ.

મારા દોષ-ભૂલ-ચરિત્રોની જાણ મારી સગી માને થાય તો કદાચ તે મને ઘરમાં ન પેસવા દે, પરંતુ નિષ્કપટભાવે આપની આગળ અનંતાનંત વખત ભૂલોની કબૂલાત કરી છે છતાં આપે મારા માટે અલ્પ કુભાવ કદી દાખવ્યો નથી. કેવળ આપનો નિઃસ્વાર્થ પ્રેમ, વ્હાલ, નિર્દોષ સ્મિત જ મને આપ્યું છે. આપના પ્રેમે જ મને જીવન પરિવર્તનના પથ પર ચાલવા મજબૂર કરી દીધો. અનંત માતાના પ્રેમ આપના વિશાળ માતૃવાત્સલ્ય આગળ ઝાંખા પડે હોં ! એક સમયે દવાખાનામાં ડૉક્ટરોએ હાથ ઊંચા કરી દીધેલા ત્યારે આપે મારો હાથ ઝાલેલો. પિતાશ્રી ધામમાં પધાર્યા ત્યારે માત્ર આપે જ દિલાસો આપેલો કે ચિંતા ન કરીશ. અમે તારાં માબાપ બેઠાં છીએ.

ગુરુજી, દૂરથી ઘર જોઉં ને વિચાર આવી જાય છે કે ક્યાં વર્ષો પહેલાંનું એ બખોલ જેવું ઘર !! જેમાં એક રૂમ-રસોડું ને એક જ છત નીચે છ સભ્યોનો વાસ. જ્યારે અત્યારે આ ત્રણ માળનું મકાન જોઈ ઘણી વાર આંખમાંથી આંસુ સરી પડે કે આ બધું કોના પ્રતાપે !! ગુરુજી, કેવળ આપની કૃપાથી !!


રસ્તામાં આવતાં-જતાં મારી સ્કૂલ ઉપર નજર પડે ત્યારે વિચાર સ્ફુરી આવે કે એક સમય એવો હતો જ્યારે સ્કૂલની સામાન્ય ફી ભરવાના પણ ઘરમાં નાણાં નહોતાં ને આપ મળ્યા ત્યારે આપની કૃપાથી રાજ્યની શ્રેષ્ઠ કૉલેજ નિરમા યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યો છું.

ઘણી વખત એકલો પડું ત્યારે આપની મૂર્તિ આગળ બેસી પ્રાર્થના કરતો ઊંડો ઊતરી જઉં છું કે કેવળ મૂર્તિસુખ આપવા પધારેલા આપ દિવ્ય સ્વરૂપે મારા વ્યવહારની પણ પળે પળે કેવી ચિંતા રાખી છે ને અદ્યાપિ રાખી રહ્યા છો. ગુરુજી, મારો હાથ કદીયે છોડશો નહીં. સદાય મારી રક્ષા કરજો.

ગુરુપૂર્ણિમાના દિવ્ય દિને આપના દિવ્ય ચરણકમળમાં સેવકના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ ખૂબ પ્રેમભર્યા જય સ્વામિનારાયણ.

- SKSના એક કિશોરમુક્ત

**વ્હાલા ગુરુજીના માતૃવાત્સલ્ય ખોળાને ખૂંદી રહેલ અસંખ્ય બાળકોમાંના એક કુમળા ફૂલ સમા બાળકે કાલીઘેલી ભાષામાં ગુરુજી પરત્વેની કૃતજ્ઞતા રજૂ કરી છે. આવો, તે આકારે બનીએ...**



વ્હાલા ગુરુજી, સેવકના જય સ્વામિનારાયણ. રાજી રહેજો દયાળુ. ગુરુજી, આપ સેવકને ન મળ્યા હોત તો સેવક ક્યાં હોત ? ગુરુજી, નાનપણથી જ સેવકને આપનો ખોળો ખૂંદવા મળ્યો છે. આપે મારા પર અપાર માતૃપ્રેમ વરસાવ્યો છે. આપની અનેક સેવાઓ ચાલતી હોય પણ જ્યારે સેવક આપની પાસે દર્શને આવે ત્યારે આપ માથે હસ્ત મૂકી, ગાલે ટપલી મારી, મને બાથમાં ભીડી લઈ જય સ્વામિનારાયણ કહી ઘણુંબધું પૂછીને સેવકને પ્રેમ આપો છો.

ગુરુજી, આપની મને દરરોજ યાદ આવે છે. ગુરુજી, આપ અમને ખૂબ સ્વસ્થ થકા દર્શન દેજો. મારું આયુષ્ય આપને મળે પણ આપ સૌને ખૂબ સુખિયા કરો. ગુરુજી, આપ સરખું જમાડો તો છો ને ? ગુરુજી, આપની તબિયત સાચવજો હોં ને ! ગુરુદેવે અમને ભલામણ

કરી છે સ્વામીને સાચવજો. સ્વામીનું જતન કરજો.

ગુરુજી, આપે મને કુસંગરૂપી ઉકરડામાંથી સદાયને માટે બચાવી લીધો છે હોં ! બહારનું જમવાની તો જરાય ટેવ પડવા જ દીધી નથી. મારી દુનિયા જ મંદિર, મહારાજ અને આપ છો.

આપ ગુરુ હોવા છતાં કેવા નિર્માની થઈને વર્તો છો ! આપ કેવા બીજાના જ સ્થાને બેસવા ટેવાયેલા છો ! સેવકથી હજુ બીજાના સ્થાને બેસવામાં ક્યારેક ચૂક થઈ જાય છે. મને માફ કરજો. ગુરુજી, એક દિવસ આપે મને પૂછેલું કે, “અલ્પાહાર કર્યો ?” ત્યારે સેવકે કીધેલું, “હા દયાળુ.” આપે સેવકને ફરીથી પૂછેલું કે, “શું જમ્યા ?” તો સેવકે કીધેલું કે, “ચીભડાં જમ્યા.” પછી આપે ફરી પૂછેલું, “એક જમ્યા કે બે-ત્રણ જમ્યા ?” સેવકે કીધેલું કે, “એક.” એટલે આપે મને શિખવાડેલું કે, “એક જમ્યા હોય તો તેને ચીભડું કહેવાય અને એકથી વધુ જમ્યા હોય તો ચીભડાં કહેવાય.” ત્યારથી સેવકને એકવચન-બહુવચનની વિઝન મળી. ગુરુજી, આ તો એક પ્રસંગ લખ્યો છે. આપે આવું તો મારા જીવનનું ઘણું ઘણું ઘડતર કર્યું છે. કેટલું લખું ? આપે સેવકને શિખવાડેલી ઘણીબધી બાબતોની આજે સ્મૃતિ તાજી થાય છે. આપે વ્યવહારિક બાબતો તો શીખવી છે; સાથે આપે સેવકને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં મૂકી દીધો છે. હવે તો આપનું અનાદિમુક્ત વિશ્વમ્‌નું સ્વપ્ન પૂરું કરવા મંડી પડવું છે.

- આપનો વ્હાલો દીકરો

આજે આ ગુરુપૂર્ણિમાના પર્વે જ્યારે મેં મારા ગુરુજીને નજીકથી નિહાળ્યા ત્યારે તેમનો નિખાલસ ચહેરો, પ્રેમાળ સ્મિત, કોમળ કરુણાવર્ષાથી અંતરમાં બે ભાવ જાગ્યા. માત્ર મને જ નહિ, અહીં પોતાનો સ્વાનુભવ રજૂ કરનાર દરેકે અનુભવ્યું છે. એમની કરુણા, હેત પણ તારનારાં છે તો કયાંક એમનો મીઠો ઠપકો પણ તારનારો છે. આજના દિવસે ગુરુજી સાથે મા-દીકરાનો સંબંધ કેળવવાની દુનિયામાં આગળ વધીએ. મા સમય આવ્યે લાડ પણ કરશે ને સમય આવ્યે બે શબ્દો કહેશે પણ ખરા... શું માને પોતાના દીકરાને કંઈ કહેવાનો અધિકાર ન હોય ? હોય જ. હોવો જ જોઈએ. આપણે ગુરુજીને એ અધિકાર આપીએ. આ દિવ્યપુરુષથી મન છેટું કરીને જવું છે કયાં ? છે બીજો કોઈ ઑપ્શન ? નક્કી કરીએ... મારે મારા ગુરુવર સાથે મા-દીકરા જેવું હેત કરવું જ છે. સમય આવ્યે એ હેત જ અનંત ભવાટવીમાંથી, અનંત દુ:ખોમાંથી બહાર કાઢી ચિદાનંદ સ્મિત પામવામાં સહયોગરૂપ સાબિત થશે.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ.નિ. ભગવતભાઈ પરષોત્તમભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૬, ઇસનપુર** (CTM); **તા. ૨૨-૬-૨૦૨૫**

**મૂ.નિ. ગાંડાભાઈ રામદાસ પ્રજાપતિ, ઉંમર વર્ષ-૭૫, મહેસાણા; તા. ૨૬-૬-૨૦૨૫**



**મૂ.નિ. લીલાચંદભાઈ નાથાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૪, હિંમતનગર; તા. ૨૮-૬-૨૦૨૫**

**મૂ.નિ. પરેશભાઈ લીલાચંદભાઈ પટેલ, ઉંમર વર્ષ-૫૪, હિંમતનગર; તા. ૨૮-૬-૨૦૨૫**



મૂળ ઊંઝા નિવાસી અને હિંમતનગર સેન્ટરના ઘરધણીમુક્ત એવા જયંતિભાઈ પટેલના પિતાશ્રી લીલાચંદભાઈ તથા તેઓના ભાઈ શ્રી પરેશભાઈ શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. લીલાચંદભાઈની જૈફ વય હોવા છતાં પૂ. સંતોએ આપેલા નિયમ ખબડદાર થઈ પાળીને ગુરુજી તથા પૂ. સંતોનો રાજીપો કમાયા હતા. પરેશભાઈ પણ પૂ. સંતોના વચને જ્યારે, જ્યાં, જેવી જરૂર જણાય તે મુજબ સેવા કરી રાજીપાના પાત્ર બન્યા હતા. આકસ્મિક રીતે આવી પડેલ આ દુઃખની ઘડીમાં ભગવાન સ્વામિનારાયણ જયંતિભાઈને, પરેશભાઈના દીકરા કૌશલને તેમજ તમામ પરિવારજનોને સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.

**મૂ.નિ. રામનરેશ રામજશ ચોરસિયા, ઉંમર વર્ષ-૯૦, સ્વામિનારાયણ ધામ; તા. ૨૮-૬-૨૦૨૫**

**મૂ.નિ. રામકૃષ્ણભાઈ પ્રહ્‌લાદભાઈ પટેલ, ઉંમર વર્ષ-૫૧, ઘડકણ; તા. ૩-૭-૨૦૨૫**

**મૂ.નિ. રમેશભાઈ કાંતિલાલ સુથાર, ઉંમર વર્ષ-૬૩, હિંમતનગર; તા. ૯-૭-૨૦૨૫**

**મૂ.નિ. સુમનબેન અંગતભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૮, ઘાટલોડિયા; તા. ૨૫-૬-૨૦૨૫**

**મૂ.નિ. હંસાબેન રમેશચંદ્ર દરજી, ઉંમર વર્ષ-૭૪, પેટલાદ; તા. ૨૫-૬-૨૦૨૫**

**મૂ.નિ. ધૂળીબેન લાલાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૫, ગોવિંદપુરા (ગોધરા); તા. ૩૦-૬-૨૦૨૫**

**મૂ.નિ. લીલાબેન ભીખાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૧, ઘાટલોડિયા; તા. ૧-૭-૨૦૨૫**

**મૂ.નિ. રામદેવી નારાયણદત્ત શર્મા, ઉંમર વર્ષ-૮૮, વડોદરા; તા. ૩-૭-૨૦૨૫**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**



શિષ્ય અને પ્રભુ વચ્ચેનો સેતુ એટલે ગુરુ.






પાસોદરા (સુરત) ખાતે નૂતન હરિમંદિરમાં દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ



Ghanshyam, August-2025 Published on 10-08-2025. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.

## હરિકૃષ્ણ મહારાજની દિવ્ય મહાપૂજા

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જેમ આ લોકનાં દુઃખ દૂર કરવા માટે ગોધરમાં અભિષેકના ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી છે, તેમ પરલોકનાં સુખો માટે, આંતરતંત્રની શુદ્ધિ માટે, મહાપ્રભુનાં અત્યુત્તમ સુખો માણવા માટે તેમજ મહારાજ અને મોટાપુરુષને પ્રિય એવા નિષ્કામપણાને દૃઢ કરવા માટે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ ધામ અને મહેસાણા મંદિર ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજની પૂર્ણ કદની મૂર્તિઓ પધરાવી છે. આ દિવ્ય મૂર્તિની મહિમા અને શ્રદ્ધાએ સહિત મહાપૂજા કરવાથી પરલોક કહેતાં મહાપ્રભુની મૂર્તિનું સુખ પ્રાપ્ત થાય છે. આ મહાપૂજાનો લાભ લેનાર સર્વ ભક્ત સમાજને વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ દિવ્ય આશીર્વાદ આપ્યા છે કે, "મહાપૂજાનો નિષ્કામભાવે જે જે મુક્તો લાભ લેશે તેમના અંતરની મલિન વાસનાઓ હરિકૃષ્ણ મહારાજ દૂર કરશે તેમજ તેમને મહાપ્રભુ પોતાના વ્હાલા એવા નિર્વાસનિક ભક્ત કરશે તથા તેમને મહાપ્રભુની મૂર્તિનું અદ્વિતીય સુખ પ્રદાન કરશે."

### સર્વાવતારી શ્રી હરિકૃષ્ણ મહારાજની મહાપૂજાનો લાભ
### મહાપૂજાની સેવાના પ્રકાર

| | |
|---|---|
| એક વખત મહાપૂજા | - ૨૫૦ /- |
| દર પૂનમ (વાર્ષિક) | - ૨,૫૦૦ /- |
| દર એકાદશી (વાર્ષિક) | - ૫,૧૦૦ /- |
| દર રવિવાર (વાર્ષિક) | - ૧૧,૦૦૦ /- |
| આજીવન પૂનમ | - ૩૧,૦૦૦ /- |
| આજીવન એકાદશી | - ૫૧,૦૦૦ /- |
| આજીવન રવિવાર | - ૭૫,૦૦૦ /- |
| આજીવન દૈનિક મહાપૂજા | - ૧,૨૫,૦૦૦ /- |



**સ્થળ : સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર.**


**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, મોઢેરા રોડ, મહેસાણા.**

| | |
|---|---|
| દરરોજ સવારે | : ૦૮:૩૦થી ૧૦:૩૦ |
| દર રવિવારે સવારે | : ૦૮:૩૦થી ૧૧:૩૦ |
| દર રવિવારે બપોરે | : ૦૩:૦૦થી ૦૬:૦૦ |


## SMVS પરિણય




**એસ.એમ.વી.એસ. સંસ્થાના દીકરા-દીકરીઓનાં નિષ્ઠા, નિયમ-ધર્મ સચવાય તેમજ તેઓના સુખી-સંપન્ન દાંપત્ય જીવન માટે એસ.એમ.વી.એસ. સંસ્થા પ્રસ્તુત કરે છે...**



SMVS PRESENTS
SMVS
Parinay

GET IT ON Google Play
Download on the App Store

પ્લે સ્ટોર તેમજ ઍપ સ્ટોર પર નિ:શુલ્ક ઉપલબ્ધ છે.

- લગ્નગ્રંથિથી જોડાવા માટે દેશ અને વિદેશના દીકરા-દીકરીઓની પસંદગી કરવી બનશે હવે વધુ સરળ.
- એસ.એમ.વી.એસ.ના લગ્નોત્સુક દીકરા-દીકરીઓની માહિતી હવે એક જ જગ્યા પરથી મળશે.
- એસ.એમ.વી.એસ.ના સત્સંગી હરિભક્તો જ આ ઍપમાં જોડાઈ શકશે.

**ઍપની વિશેષતા**

**જેમાં આપને મળશે...**

- વ્યક્તિગત માહિતી - ફોટોગ્રાફ
- વ્યવસાયિક માહિતી
- પારિવારિક માહિતી
- પરિચિત સત્સંગીની વિગત

**ઍપના Security ફીચર્સ**

- OTP આધારિત લૉગ ઇન
- SMS દ્વારા કન્ફર્મેશન
- E-mail કન્ફર્મેશન
- કનેક્ટ ફીચર
- નોટિફિકેશન ફીચર
- એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ દીકરા-દીકરીઓની વ્યક્તિગત પ્રોફાઇલ

તો આજે જ આપના દીકરા-દીકરીઓ માટે યોગ્ય સત્સંગી જીવનસાથી પસંદ કરવા ડાઉનલોડ કરો 'SMVS પરિણય' ઍપ.

**ખાસ નોંધ : આ ઍપ્લિકેશનમાં જોડાવા માટેની રિક્વેસ્ટ (અરજી) કર્યા પછી રિક્વેસ્ટ કરનારને સભ્યપદ આપવાનો અંતિમ નિર્ણય વ્યવસ્થાપકોનો રહેશે.**